# શ્રી સ્વામિનારાયણ

માસિક

સળંગ અંક - ૫૨ ઓગષ્ટ -૨૦૧૧ કિંમત રૂા. ૫-૦૦



## ગુરુ પૂર્ણિમા - ગુરુ પૂજન મહોત્સવ

## પ.પૂ. લાલજીમહારાજશ્રીનો ૧૪મો જન્મોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧










(૧) ગુરૂ પૂર્ણિમા પ્રસંગે અમદાવાદ મંદિરમાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી સાથે દર્શન આપતા પૂ. લાલજી મહારાજશ્રી (૨) ગુરૂ પૂર્ણિમા પ્રસંગે પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં પૂ. મહંત સ્વામી ગુરૂ પૂર્ણિમા પ્રસંગે ગુરૂમહિમા કહી રહ્યા છે. (૩) પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૪મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને બન્ને ભાણાભાઈની નિશ્રામાં પૂજનીય સંતો સમૂહ આરતી ઉતારતા (૪) અમદાવાદ મંદિરમાં ભવ્ય હિંડોળા દર્શન (૫) પ્રાંતિજ મંદિરમાં કલાત્મક (પુરાણો) હિંડોળા દર્શન (૬) લીંબડી (મૂળી દેશ) મંદિરમાં દર્શન આપતા ઘનશ્યામ મહારાજ




**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦



# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૫ | અંક : ૫૨ | ઓગસ્ટ-૨૦૧૧**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | ચૌલ - મુંડન વિધિ | ૦૪ |
| ૦૪. | નૃસિંહાનંદ સ્વામીએ નિજ મંદિરમાં દિવ્યતેજ નિરખ્યું | ૦૬ |
| ૦૫. | ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીના આશીર્વચનનો આસ્વાદ | ૦૭ |
| ૦૬. | શ્રીહરિનો સંદેશ ઝીલી-નિરોગી-સ્વચ્છ-નિર્મળ ગુજરાત સર્જીએ | ૦૯ |
| ૦૭. | શ્રી ગુરુ વંદના | ૧૧ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી..... | ૧૩ |
| ૦૯. | પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અમેરિકામાં સૌ પ્રથમ સત્સંગ શિબિર | ૧૭ |
| ૧૦. | આનંદની હેલી | ૧૬ |
| ૧૧. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૧૨. | ભક્તિ સુધા | ૨૦ |
| ૧૩. | પ્રશ્ન પેટી | ૨૪ |
| ૧૪. | સત્સંગ સમાચાર | ૨૫ |

# અસ્મદીયમ

જો ભગવાનનો દ્રોહ ન કરીએ તો ભગવાન રાજી થાય. દ્રોહ તે શુ ? તો જે આ સર્વ જગતના કર્તા હર્તા ભગવાન છે. તેને કર્તા હર્તા ન સમજીને વિશ્વના કર્તા હર્તા કાળને જાણીએ, અથવા માયાને જાણીએ અથવા કર્મને જાણીએ અથવા સ્વભાવને જાણીએ. એ તે ભગવાનનો દ્રોહ છે. કેમ જે, ભગવાન સર્વના કર્તા હર્તા છે તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ અને માયા તેને જગતના કર્તા હર્તા કહે છે, માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે. ભગવાન છે તે કર ચરણાદિક સમગ્ર અંગે કરીને સંપૂર્ણ છે અને લેશ માત્ર પણ કોઈ અંગે વિકળ નથી અને સદા મૂર્તિમાન જ છે, તેને અકર્તા કહેવા તથા અરૂપ કહેવા તે ભગવાન વિના બીજા જે કાળાદિક તેને કર્તા કહેવા, એજ ભગવાનનો દ્રોહ છે. એવી જાતનો જે ભગવાનનો દ્રોહ તેને જે ન કરે તેણે સંપૂર્ણ ભગવાનની પૂજા કરી અને તે વિના તો ચંદન પુષ્પાદિકે કરીને પૂજે છે તો પણ ભગવાનનો દ્રોહી છે માટે ભગવાનને જગતના કર્તા હર્તા જાણે અને મૂર્તિમાન જાણે, તે ઉપર જ ભગવાન રાજી થાય છે. (વ.વ. ૨) માટે આપણે મહારાજ ને જ કર્તા હર્તા જાણવા. તો જ ભગવાન આપણા ઉપર રાજી થાય. શ્રી નરનારાયણદેવ દેશના સર્વે હરિભક્તોએ આપણા સૌના પ્રાણ પ્યારા આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ગુરુ પૂર્ણિમાએ ગુરુ પૂજન કરીને ગુરુઋણ અદા કર્યુ અને આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૪ મા પ્રાકટ્યોત્સવને ધામધૂમથી ઉજવ્યો. એજ રીતે આપણે દરેક આપણા ઉત્સવો પરંપરા ગત ઉજવતા રહીએ. આવા ઉત્સવોની લીલા જો આપણને અંત સમયે યાદ આવે તો બેડો પાર થઈ જાય.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(જુલાઈ-૨૦૧૧)**

૭. શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. અરવિંદભાઈ (વિમલવાળા)ને ત્યાં પધરામણી, સાણંદ.
પ.ભ. અમિતભાઈ દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી અમદાવાદ મંદિર)ને ઘેર પધરામણી, સોલા રોડ.

૧૦. પ.ભ. વિઠ્ઠલભાઈ રણછોડદાસ પટેલને ત્યાં પધરામણી.

૧૫. ગુરુ પૂર્ણિમાના રોજ હજારો પૂજનીય સંતો અને હરિભક્તોએ ગુરુપૂજન-અર્ચન કર્યું.

૧૬. પ.ભ. ધીરૂભાઈ ભુરાભાઈ પટેલને ત્યાં પધરામણી, બાપુનગર.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર લવારપુર (જી. ગાંધીનગર) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૯. પ.ભ. શૈલેષભાઈ એન. પૂજારાને ત્યાં પધરામણી, પાલડી.

૨૫. શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૪ મો પ્રાકટ્યોત્સવ પોતાની શુભ નિશ્રામાં ધામધૂમથી ઉજવાયો.

૨૮. જુલાઈ થી ૫, સપ્ટેમ્બર અમેરિકા અને યુ.કે.ના ધર્મ પ્રવાસે પધરામણી.
અમેરિકામાં ડિટ્રોઈટ મંદિર, શિકાગો મંદિર પાટોત્સવ, આટલાન્ટા નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા ત્યાંથી લંડન યુ.કે. લેસ્ટર મંદિર પાટોત્સવ, સ્વીડન મંદિરનો ૨૦ મો પાટોત્સવ ઉજવી લંડનથી અમેરિકા બોસ્ટનના ૫ મા પાટોત્સવ-પારાયણ અને આઈ.એસ.એસ.ઓ.ના ચેપ્ટરોમાં સત્સંગ પ્રચારાર્થે વિચરણ.



**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# ચૌલ - મુંડન વિધિ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી સંસ્કૃતિમાં સોળ સંસ્કારો પૈકી મુંડન (ચૌલ) સંસ્કાર વિધિનું વિધાન કહેલ છે. બાળકનો જન્મ થયા પછી પ્રથમ મુંડનને ચૌલ સંસ્કાર કહેવામાં આવે છે. અને પ્રસંગોપાત તીર્થમાં કે પાઠ પૂજનના સમાપનમાં, મરણોત્તર વિધિમાં મુંડન જ્યારે નિત્ય નૈમિતિક કેશ છેદન મુંડન અથવા ક્ષૌર કર્મ કહેવામાં આવે છે. આપણા શાસ્ત્રોમાં દરેક કાર્ય યથા સમયે અને યથા વિધિ કરવાનું કહ્યું છે. યથા સમય અને યથા વિધિની અવગણના અજ્ઞાન કે આળસ અથવા શ્રધ્ધાહિનતાના કારણે કરવામાં આવતાં તેનું વિપરિત ફળ અવશ્યને અવશ્ય ભોગવવું પડે છે. જે જન્મ જન્માન્તરે પણ પીછો છોડતું નથી.

શાસ્ત્રોમાં જણાવેલા સોળ સંસ્કારોથી વંચિત બાળક (જાતક) જીવન પર્યંત સદ્‌ગુણી સંસ્કારોથી વંચિત રહી જાય છે. તે પૈકીનો ચૌલ સંસ્કાર વિધિનું રહસ્ય છે કે તે જાત કે પૂર્વે નીચ યોનિ પશુ-પક્ષી આદિ દેહમાં રહેવાથી તે તે દેહના કુસંસ્કારોથી મુક્ત કરવા ચૌલ સંસ્કાર વડે તે તે યોનિના દોષથી જાતક સમ્પૂર્ણ મુક્ત થઈ જાય છે. ચૌલ વિધિ કુળદેવ-કુળદેવી અથવા ઈષ્ટદેવની સન્મુખ કરવાની પરંપરા છે. જન્મથી પ્રથમે બીજે ત્રીજે અને પાંચમે વર્ષે કરવો. તેમાં મહા, ફાગણ, વૈશાખ, જેઠ મહિનો ઉત્તમ છે. તેમાં શુક્લ પક્ષ શુભ છે. તિથિઓમાં બીજ, ત્રીજ, પંચમી, સપ્તમી, દશમી, ત્રયોદશી ઉત્તમ છે. વારોમાં સોમ, બુધ, ગુરુ, શુક્ર શુભ છે. શનિ, મંગલ સદાય વર્જીત છે. નક્ષત્રોમાં અશ્વિની, મૃગ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતિ, જ્યેષ્ઠા, શ્રવણ, ધનિષ્ઠા ઉત્તમ છે. તેમાં કૃતિકા, અનુરાધા, ઉત્તરા ન લેવા અને રોહિણી, મઘા આયુષ્યનો નાશ કરનારા છે. તેમાં ખાસ કરીને ચૌલ સંસ્કારમાં જન્મ નક્ષત્ર, તિથિ, માસ, વાર સદાય નિષેધ છે. ચૌલ વિધિ પુત્રની જેમ પુત્રીનો પણ કરવાનું નિરૂપણ કરેલ છે. ચૌલ મુંડનમાં શિખા રાખવી તે તેનું મહત્વ સૂચક છે. એક માતાના સંતાનોમાં એક વર્ષમાં બે પુત્રોનું ચૌલ ન કરાવવું.

હવે નિત્ય નૈમિત્તિક મુંડન-દાઢી કરવાનો ઉત્તમ સમય અને નિષેધ સમય જણાવવામાં આવે છે કે, નક્ષત્રોમાં રોહીણીમાં આઠવાર, અનુરાધામાં ત્રણવાર, મઘામાં પાંચવાર, ઉતરામાં ચારવાર, કૃતિકામાં છ વાર, જો એક વર્ષમાં ક્ષૌર કર્મ દાઢી મુંડન કરવામાં આવે તો મરણ અથવા મરણ તુલ્ય પીડા અવશ્ય આવે. આપણું જન્મ નક્ષત્ર તિથિ વારના દિવસે દાઢી મુંડન એટલે કે ક્ષૌર કર્મ ન કરવું. એકાદશી, ચતુર્દશી, અમાવાસ્યા, પૂર્ણિમા, સંક્રાન્તિ, વ્યતિપાત, વિષ્ટિ, વ્રતના દિવસે, શ્રાધના દિવસે, મંગળવાર, શનિવાર, રવિવારના દિવસે ક્ષૌર કર્મ ન કરવું. વારાહી સંહિતા તથા ગર્ગાદિ મુનિયોના મત્તાનુસાર રવિવારે ક્ષોર કર્મ કરવાથી એક માસની તથા શનિવારે સાતમાસની અને મંગળવારે આઠ માસની આયુષ્યનો નાશ થાય છે. એ પ્રમાણે બુધવારે પાંચ માસની, સોમવારે સાત માસની, ગુરુવારે દશ માસની, શુક્રવારે અગીયાર માસની આયુષ્ય તે તે તિથિના દેવો આયુષ્યની વૃધ્ધિ કરે છે. (વધારો) તેમાં ખાસ પુત્રની ઈચ્છાવાળા અને એક પુત્ર વાળાએ સોમવારના દિવસે ક્ષૌર કર્મ ન કરવુ. કેશની જેમ નખ કાપવાનો પણ વિધિ નિષેધ જાણવો.

તીર્થયાત્રા કરવા જતાં યાત્રાના મુખ્ય સ્થળે મુંડન કરાવવું. તેમજ એક આશ્રમના બીજા આશ્રમના આરંભ પ્રવેશ સમયે મુંડન કરાવવું. યજ્ઞોપવિત ધારણ વેદારભ્ય ગૃહસ્થાશ્રમ, સંન્યાશ્રમ સમયે મુંડન કરાવવું.

મરણોત્તર ક્રિયામાં અવશ્ય મુંડન કરાવવું. પ્રિયજનના મૃત્યુથી લોહીના સંબંધવાળા સાત પેઢીને સૂતક લાગે છે. તો કેશ રક્તનો એક ભાગ છે. તો વાળ ઉતારવાથી મૃત્યુ પામેલ વ્યક્તિ સાથેનો સ્થૂલ સંબંધ પૂર્ણ થતાં તે આત્માનુ ઉદર્વગમન સહજતાથી થઈ શકે છે. કેમ કે કેશમાં સંબંધ છુપાયેલો હોય છે. મરણોત્તર મુંડનમાં ચોટી, મૂછ રાખીને મુંડન કરાવવું. પરંતુ કુલાચાર ગ્રામાચારને લક્ષમાં રાખી વર્તવુ. મુંડન

કરાવવાથી મૃત્યુ પામેલ વ્યક્તિનો શોક મોહ આઘાત જલ્દીથી દૂર થઈ જાય છે.

ક્ષૌર કર્મ, મોજ શોખ રૂપ દેખાવ કે સૌંદર્ય માટે નથી પરંતુ યથાવિધિ ઉચિત સમય અને નિષેધ સમયને ધ્યાનમાં રાખી સારા અને માઠાં પરિણામ જન્મ અને જન્માંતરે ભોગવવા પડે છે. યથાવિધિ ક્ષોર કર્મ કરવા આયુષ્ય વૃધ્ધિ અને ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. અને નિષેધ સમયે કરવાથી મરણ તુલ્ય પીડા અને આયુષ્યનો નાશ થાય છે તે અવશ્ય જાણવું. તેમાં પ્રયાગ અને ગયાજી જેવા યાત્રાધામમાં મુહૂર્ત જોવાની જરૂર નથી.

ક્ષૌર કેશ અને નખને લોહી (રસ) સાથે સીધો સંબંધ છે. તેથી તે કાપવાથી શરીરની ખૂબજ ઊર્જા નાશ પામે છે અને સૂક્ષ્મ હિંસા પણ ગણવામાં આવે છે. તેમજ તેની શરીરના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડતી હોવાથી તેના રક્ષણ માટે આપણા ઋષિમુનિઓએ તેનો યોગ્ય સમય નક્કી કરેલ છે. ઋષિ મુનિયો કોઈ સાધનના અભાવથી દાઢી મૂછ રાખતા એવું નથી તેના પરિણામો તન, મન, પર પડતા હોવાથી યથાવિધિ પાલન કરતા. તે શાસ્ત્ર સંમત છે.

આપણા શરીરની રચના જન્મ સમયના આધારે હોવાથી અનુકુળ પ્રતિકુળ નક્ષત્ર-માસ, તિથિ-વાર આદિ નક્કી કરેલ છે. જે જ્યોતિષશાસ્ત્રને આધારિત છે. જેનું યથાર્થ પાલન શ્રેયસ્કર બને છે.

## નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

**જેતલપુર:**
**www.jetalpurdarshan.com**
**છપૈયા :**
**www.chhapaiya.com**
**મહેસાણા :**
**www.mahesanadarshan.org**
**ટોરડા :**
**www.gopallalji.com**

## દિવાળી વેકેશન શિબિરો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા અને સમસ્ત ધર્મકુળના પૂર્ણ રાજીપા અને આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ મંદિર કાલુપુર આયોજીત અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળ દ્વારા દિવાળી વેકેશન શિબિર નીચે મુજબ સમયે અને સ્થળે થશે.

**જ્ઞાન યજ્ઞ શિબિર**

તા. ૨૮-૧૦-૨૦૧૧ થી તા. ૧-૧૦-૨૦૧૧ (પાંચ દિવસ)
વચનામૃત (૨૭૩) ગ્રંથ પર સુંદર વિવેચન અને વિસ્તાર પૂર્વક સમજણ.
વક્તા પ.પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
સ્થળ : શ્રી સહજાનંદ ગુરુકુળ, અસારવા

**બાળ શિબિર**

તા. ૨-૧૧-૨૦૧૧ થી તા. ૩-૧૧-૨૦૧૧ (૨ દિવસ)
સ્થળ : શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર

**યુવક મંડળ શિબિર**

તા. ૫-૧૧-૨૦૧૧ થી તા. ૬-૧૧-૨૦૧૧ (બે દિવસ)
સ્થળ : શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર

**બાલિકા શિબિર**

તા. ૮-૧૧-૨૦૧૧ થી તા. ૯-૧૧-૨૦૧૧ (બે દિવસ)
સ્થળ : શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર
આ દરેક શિબિરમાં સમસ્ત ધર્મકુળ પધારશે.

**વિશેષ નોંધ :**

શિબિરાર્થીઓના નિયમોની વિશેષ જાણકારી માટે સંપર્ક

- જ્ઞાન શિબિર માટે : પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા.
- બાળ મંડળ શિબિર માટે : સ.ગુ. શાસ્ત્રી સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી, શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર
- યુવક મંડળ શિબિર માટે :
સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી)
સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી, શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર
- બાલિકા શિબિર માટે :
(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક
(૨) જસ્મિતા અમિતભાઈ - નવાવાડજ
(૩) રૂપલબેન - એપ્રોચ બાપુનગર.

**સંપર્ક માહિતી :**
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સંચાલકશ્રીઓ

# નૃસિંહાનંદ સ્વામીએ નિજ મંદિરમાં દિવ્યતેજ નિરખ્યું

- પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

શ્રી સહજાનંદ સ્વામીની અવતાર લીલાઓ નંદસંતોએ પોતાના પુસ્તકોમાં વર્ણવી છે. આ ભૂલોક પર થયેલા અવતારોમાં તેમના અવતારની સર્વોપરીતા પણ નંદ સંતોએ યથાર્થ રીતે વર્ણવી છે. ભગવાન જ્યારે આ પૃથ્વી પર મનુષ્ય લીલા કરી રહ્યા હોય ત્યારે સર્વાવતારીની અવતારી લીલાઓ સ્વાનુભાવ વિના સમજાય નહિ. સ્વામિનારાયણ ભગવાને પણ પોતાના અવતારી કાળમાં એવા મનુષ્ય ચરિત્રો આદર્યા કે તેમનું ઐશ્વર્ય કે તેઓની દિવ્ય શક્તિઓને સામાન્ય જન સમજી પણ ન શકે. કિન્તુ સહજાનંદ સ્વામીએ દિવ્ય લીલાઓ અને તેમાં પણ સમાધિ પ્રકરણો ચલાવીને આ ભૂલોક પર થયેલા તમામ અવતારોને પોતાનામાં લીન થતા દર્શાવી સ્વ સર્વોપરિતાની સાબિતી આપી તથા સંપ્રદાયના ગ્રંથો વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, હરિલીલાકલ્પતરૂ, ભક્તચિંતામણી, શ્રીહરિ ચરિત્ર ચિંતામણી આદિમાં શ્રીહરિની સાર્વોપરિતા સર્વાવતારીપણાની સાબિતીઓ પ્રાપ્ત થાય છે. આવોજ એક દિવ્ય પ્રસંગ શ્રી નૃસિંહાનંદ સ્વામીના જીવનમાં બનવા પામ્યો.

શ્રી નૃસિંહાનંદ સ્વામી જગન્નાથજીના મંદિરમાં બાર વરસથી સેવા કાર્ય કરી રહ્યા હતા. તેમને ભગવાનના સાક્ષાત્કાર અંગેની તીવ્ર લાલસા હતી. એક સમયે દ્વારકાથી યાત્રા કરીને એક વૈરાગી અહિં આવ્યા. તેમણે કોઈ યાત્રિકને વાત કરી કે પશ્ચિમ ભૂમિમાં સોરઠ દેશ વિશે સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે. આ વાત નૃસિંહાનંદ સ્વામી ભગવાનની સેવા કરતા કરતા સાંભળતા હતા. ત્યારે તેમને દિવ્ય તેજનો લિસોટો દેખાયો. સ્વામિનારાયણ નામ આવે અને પછી તરત જ તેજનો ઝબકારો થાય. સ્વામીએ નક્કી કર્યું કે કોઈ પણ સંજોગોમાં મારે એ ભગવાનને મળવું. તેઓએ તો પદયાત્રા શરૂ કરી. ચાલતા ચાલતા કેટલાક દિવસો બાદ ગુજરાતમાં આવી પહોંચ્યા. તેઓ સ્વામિનારાયણ ભગવાનની પૂછા કરતા રહ્યા.

તેમને ખબર મળ્યા કે શ્રીહરિ કચ્છ ભૂજમાં ગંગારામ મલ્લને ત્યાં વિરાજમાન છે. સ્વામીશ્રી તેમને ત્યાં પહોંચી ગયા. શ્રીજી મહારાજના દર્શન થતાંની સાથે જ તેમને સમાધિ થઈ ગઈ. સમાધિમાં જોયું તે દશ્ય તેમના માટે અવિસ્મરણીય બની ગયું. અનંત અવતારોને તેમણે શ્રીજી મહારાજ સમક્ષ હાથ જોડીને સ્તુતિ કરતા નિહાળ્યા. તેઓ જ્યારે જાગૃત થયા ત્યારે શ્રીહરિને તેમણે કર જોડીને પૂછ્યું, ‘‘હે પ્રભુ ! હું તો જગન્નાથજીનો સેવક છું. હું કોઈને શ્રીકૃષ્ણથી ઉપર જાણતો નથી. પરંતુ મેં તો મારા ઈષ્ટદેવને આપશ્રી સમક્ષ બે કર જોડી આપશ્રીની સ્તુતિ કરતા જોયા. તો તેનું કેમ સમજવું ? તે કૃપા કરીને મને કહો.

ત્યારે શ્રીહરિ બોલ્યા, ‘‘અમે તો સર્વ અવતારના અવતારી, સર્વોપરિ અક્ષરધામના અધિપતિ, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છીએ. ત્યારે વળી સ્વામિએ પૂછ્યું, ‘‘ભગવન ! અવતાર અને અવતારીમાં શો ભેદ છે ? શ્રીહરિએ પ્રસન્નતાથી કહ્યું, ‘‘જેમ ખંડિયા રાજા અને ચક્રવર્તી રાજામાં ભેદ છે. જેમ તારા અને ચંદ્રમાં ભેદ છે. જેમ તીર અને તીરના ચલાવનારામાં ભેદ છે. તેથી અનંતગણો ભેદ જે પૂર્વે થયેલા અવતારો અને અમારામાં છે.’’

શ્રીહરિના સ્વમુખેથી આવી અલૌકિક ઐશ્વર્યસભર વાત સાંભળી નૃસિંહાનંદ સ્વામીને તેમના પુરૂષોત્તમપણાનો નિશ્ચય થઈ ગયો. તેમના હૃદયમાં અપૂર્વ શાંતિ છવાઈ ગઈ. આધ્યાત્મિક આનંદમાં રસતરબોળ થઈ ગયા. આખરે સાધુતા ગ્રહણ કરી, તેઓ શ્રીહરિ શરણે કાયમ રહી ગયા. તેઓ અનેક મુમુક્ષુજનોને ઉપબોધ આપતા રહ્યા. સત્સંગ કરાવતા રહ્યા. તેમનું સમગ્ર જીવન ધન્ય બની ગયું.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં પ્રકાશિત માટે મોકલાતા સત્સંગ સમાચાર અને ફોટા અંગે હરિભક્તોને સૂચન**

આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના હાલ હજારોની સંખ્યામાં વાચકો છે. અંક નિયમિત નિયત તારીખે પ્રકાશિત કરી પોસ્ટ કરવામાં આવે છે. આ અંકમાં પ્રકાશિત અર્થે મોકલવામાં આવતા **સત્સંગ સમાચાર અને ફોટા દર માસની ૨૫ તારીખ સુધીમાં મોકલી આપવા. સમાચાર ખૂબજ ટૂંકાણમાં સ્વચ્છ અક્ષરે મુદ્દાસર લખીને મોકલવા. ખૂબજ લાંબા સમાચાર લખવા નહીં. તેનું ખાસ ધ્યાન રાખવું. ૨૫ તારીખ બાદ આવેલા સમાચાર તે** પછીના અંકમાં પ્રસિધ્ધ થશે તેની ખાસ નોંધ લેવી.

# ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીના આશીર્વચનનો આસ્વાદ

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

સ્વામિનારાયણ ભગવાને અમને આચાર્યપદ આપ્યું છે. પરંતુ અમારું અને તમારું સૌનું લક્ષ, સૌનું ધ્યેય તો સ્વામિનારાયણ ભગવાનને પામવાનું હોવું જોઈએ. શ્રીનરનારાયણદેવ પીઠ સ્થાનના અત્યાર સુધી જેટલા આચાર્ય થયા તેઓએ ક્યાંય પોતાને નથી ઓળખાવ્યા, ભગવાનનું જ પ્રધાનપણું બતાવ્યું છે. દરેક આચાર્યનું ધ્યેય શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રી નરનારાયણદેવ તરફ જ રહ્યું છે. અને એમાં જ સાચું સુખ રહ્યું છે. મુક્તાનંદ સ્વામી કે જેઓમાં મહારાજ પણ ગુરુભાવ રાખતા તેઓએ ગાયું છે કે 'રે બ્રહ્માથી કીટ લગી જોયું. જૂઠું સુખ જાણીને વગોવ્યું, મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું.' મુક્તાનંદ સ્વામીએ જગતમાં બધું જ જોયું. અનુભવ્યું પછી જાણીને એટલે કે અનુભવીને આ લખ્યું છે. તેથી મહારાજને લક્ષ બનાવ્યા સિવાય સાચા સુખની પ્રાપ્તિ થતી નથી. દુનિયાના કોઈ સુખમાં લોભાવા જેવું નથી. કોઈ હાર પહેરાવે કે પ્રસાદીનું પડીકું આપે તેનાથી લક્ષ ન ચૂકાઈ જાય તેનું જાગ્રતપણું રાખવું. કારણ કે માન-મોટાઈને પોષણ મળવાથી અહંકાર વધે છે. બીજાને માન આપવાથી, બીજાના ગુણ ગ્રહણ કરવાથી અહંકાર ઓગળે છે.

દતાત્રેય ભગવાને ચોવીસ ગુરુ કર્યા હતા. દરેકમાંથી કંઈકને કંઈક શીખવા માટેની એ એક કથા છે. બીજાનું સારું બોલવામાં આપણે નાના બનવું પડે છે અને એ બહુ અઘરું છે. કોઈની ટીકા કે નિંદા કરવી હોય, કોઈના દોષ જોવા હોય તો એ બહુ સહેલું છે. ઘણા કહેતા હોય છે કે ફલાણા હરિ ભગત ક્યારેય દંડવત નથી કરતા કે માળા નથી ફેરવતા. નંદ સંતો તેના માટે એક બહુ સરસ વાત કરતા કે, તેવા હરિભક્તો પૂર્વે માળા ફેરવીને આવ્યા છે. તેણે દંડવત કરી લીધા છે, ને આપણે હજુ બાકી છે તેથી તેની સામે દ્રષ્ટિ કર્યા વિના આપણે જેમ કરીએ છીએ તેમ કર્યા કરવાનું. વચનામૃતમાં પણ મહારાજે આ જ વાત કરી છે કે બીજાના જે ગુણ ગ્રહણ કરે તે સત્સંગમાં આગળ વધી જાય છે. અને સાધુ હરિભક્તોના અવગુણ જોયા કરે તે સત્સંગમાં ઘટી જાય છે. ગુણ ગ્રાહી સ્વભાવ રાખવાથી સત્સંગ આગળ નથી વધતો, પરંતુ આપણે સત્સંગમાં આગળ વધી જઈએ છીએ.

આપણને જે નરનારાયણદેવ મળ્યા છે તેનો જો દ્રઢ આશરો રાખવામાં આવે તો એ જીવને અષ્ટાવરણને પાર કરાવીને મહારાજના ધામમાં પહોંચાડે છે. કલ્યાણના દાતા જગતમાં સ્વામિનારાયણ ભગવાન સિવાય કોઈ નથી. અગાઉ પણ અમે કહ્યું હતું કે નરનારાયણદેવને આશરે બેઠા હોય તે સાધુ સોનાની થાળીમાં જમતા હશે તો પણ એ ત્યાગી છે. અને પાંચ પચીસ હરિભક્તો માનવા લાગે અને તે સાધુ પછી નરનારાયણદેવનો આશરો છોડીને, નરનારાયણદેવથી જૂદો થઈને ક્યાંય ખૂણામાં સત્સંગ કરાવવા લાગે. જુદો ચોકો માંડે. પછી ભલે એ ગમે તેવા ધૂળિયા વસ્ત્રો પહેરતો હોય કે વસ્ત્રો જ ન પહેરતો હોય, કઠિન વ્રત કરતો હોય તો પણ એ ત્યાગી નથી. પરંતુ ભોગી છે. જુદાપણું, દિવાલ, આવરણ એ બધું માનને આશરીને રહે છે. અને આ બધું રહેવાનું જ છે. સ્વામિનારાયણ ભગવાનથી ચાલ્યું આવે છે અને વર્તમાન કાળે પણ તેમાં વધારો થતો હોય, આપણે તેને કંઈ મટાડી શકવાના નથી. પરંતુ જીંદગી પર્યંત આપણને કોઈ સ્વામિનારાયણ ભગવાનથી દૂર ન લઈ જાય, આપણો મોક્ષ ન બગડી જાય તેની તકેદારી રાખવી.

આપણને આ નરનારાયણદેવ મહારાજે આપ્યાં છે તેથી એ નરનારાયણદેવ સર્વોપરિ છે અને એ નરનારાયણદેવના દ્રઢ આશરા વાળા તમે સંતો અને હરિભક્તો પણ સર્વોપરિ છો. આવા મંદિરો, આવા દેવ, આવા સંતો અને હરિભક્તો જગતમાં ક્યાંય નથી. માટે આજના પ્રસંગે અમારી મહારાજના ચરણોમાં એ જ પ્રાર્થના છે કે તમારા સૌના કુટુંબ પરિવાર, વંશ વારસામાં પણ આ નરનારાયણદેવનો આશરો દ્રઢ રહે અને તમારા સૌના નાના મોટા શુભ મનોરથ મહારાજ પૂરા કરે એ જ પ્રાર્થના.

અત્રે એક વાત નોંધનીય છે કે પ.પૂ. મહારાજશ્રી પોતાની વાત પોતાના મુખેથી ન કરે તે સ્વભાવિક છે,

મોટા પુરુષોનું એ લક્ષણ છે પરંતુ આપણા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રીહરિએ ધર્મકુળમાં આચાર્યપદ સ્થાપન કરીને, આપણા સૌના ગુરુ સ્વયં શ્રીહરિએ શોધી આપ્યા હોવાથી, હે મહારાજશ્રી ! આપ પણ અમાર સૌના સર્વોપરિ આચાર્ય છો. ગુરુ છો ! શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન પર રહીને આપ શ્રી નરનારાયણદેવના જ અપર સ્વરૂપે અમને સુખ આપી રહ્યા છો. સત્સંગની રાત્રિ-દિવસ સેવા કરી રહ્યાં છો. શાસ્ત્રોના મત મુજબ સ્વામિનારાયણ ભગવાન અને શ્રી નરનારાયણદેવ બન્ને એક જ છે અને આપશ્રી સ્વામિનારાયણ ભગવાનના જ અપર સ્વરૂપ છો જે સ્વયં શ્રીજી મહારાજના જ શબ્દો છે.

અમે એમાં એ છે અમ માંઈ રે,
એમ સમજો સહુ બાઈ ભાઈ રે,
એથી અમે અળગા ન રહીએ રે,
એમાં રહીને દર્શન દઈએ રે.

(પુરુષોત્તમપ્રકાશ)

અને હકીકતમાં આપશ્રીનો જેને આશરો છે. આપશ્રીની આજ્ઞામાં જે વર્તે છે, ત્યાગી કે ગૃહી આપશ્રીને જોઈને જે રાજી થાય છે એ જ શ્રી નરનારાયણદેવનો સાચો આશ્રિત છે. વડતાલ દેશના સંત-હરિભક્તો માટે શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિની આજ્ઞામા વર્તવુ, તેઓશ્રીની અનુવૃતિમાં રહેવું વગેરે સમાન નિયમ લાગુ પડે છે અને અક્ષરધામનો અધિકારી પણ તે જ છે કારણ કે,

વચનામૃત ગ.પ્ર.પ્ર. ૧ માં મહારાજે એ જ વાત કરી છે કે, ''ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત ...... ભગવાનના ધામમાં જાય છે, તેને યોગ સમાધિવાળા તે પ્રત્યક્ષ દેખે છે.''

**શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યોને સરનામા બદલવા અને અન્ય કામ જોગ**

શ્રી સ્વામિનારાયણ માસિકના દરેક સભ્યોને જણાવવાનું કે આપને સરનામું બદલવા, અંક ન મળવા અંગે અથવા અન્ય કોઈ શ્રી સ્વામિનારાયણ માસિકના કામ માટે સવારે ૧૦-૦૦ થી ૫-૦૦ દરમ્યાન સંપર્ક કરવો. વહેલી સવારે કે રાત્રીના સમયે ફોન કરવો નહીં. સરનામું બદલવા માટે જે તે માસની ૨૫ તારીખ પહેલા મોકલી આપવું.

## ''વંદન શ્રી વ્રજેન્દ્રપ્રસાદજીને''

રાગ :
(ઉંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજે તું લઈ જા...)

અમારા છો પ્યારાં, સકળ સત્સંગના નયન તારાં,
''શતં જીવ શરદ'' પૂર્ણ મનોરથ હો અમારા (૨)
સદા એવી વિનંતી, શ્રી નરનારાયણ પ્રભુને,
કરૂં વંદન પ્રેમે, શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી ! તમને (૨)
સહુના લાડકવાયા ! બાલપ્રભુ !
ઘનશ્યામ ! છબી છો,
દીસો છો નાનાં પણ, નભમંડળમાં આપ રવિ છો.
થશો મોટાં જ્યારે, સહજ ધરશો ધર્મધુરને,
કરૂં વંદન પ્રેમે, શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી ! તમને (૨)
હરો છો મન સહુનાં, વદન કમળ સુસ્મિત ભરીયું,
શ્રીજી આશ્રિતોનું શ્રેય કરવા દિલ ધરીયું.
અમારી આશાનાં કિરણ રૂપ જણાઓ અમને,
કરૂં વંદન પ્રેમે, શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી ! તમને (૨)
શ્રીજીની ગાદીના આઠમાં ધર્માધિકારી,
સદા વિજયી રહેશો, ધર્મકુળ કીર્તિ વધારી.
બનો અનુકુળ સહુ તે, સમય સંજોગ તમને,
કરૂં વંદન પ્રેમે, શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી ! તમને (૨)
કળિકાળે વધીયો, અસુરજનનો ત્રાસ જગમાં,
તમારે કરવું છે, ધર્મરક્ષણ તે સમયમાં.
કૃપા શ્રીહરિ કેરી, જરૂર મેળવશો ફતેહને,
કરૂં વંદન પ્રેમે, શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી ! તમને (૨)
પિતામહનાં પ્યારાં ! સંત હરિજનનાં દુલારા,
તમારૂં મુખ જોવા, નયન આતુર છે અમારાં.
અમિ દ્રષ્ટિ રાખો, ''હરિદાસ'' આપો શરણને,
કરૂં વંદન પ્રેમે, શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી ! તમને (૨)

(-હરિદાસ હસમુખભાઈ શ્રોફ, વડોદરા)

# શ્રીહરિનો સંદેશ ઝીલી-નિરોગી-સ્વચ્છ-નિર્મળ ગુજરાત સર્જીએ

- પટેલ ગોરધનભાઈ શંકરભાઈ (સોજા)

भवसभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनम्।

व्रतदान तपक्रियाफलं सहजानंदगुरुं भजे सदा ॥

ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય સહિતની ભક્તિ (સેવા-કાર્ય) એકાંતિક ભક્તિ છે અને ધર્મ, પ્રેમ, શાંતિ અને સત્ય એ ઈશ્વરના સ્વરૂપ છે. શ્રી સહજાનંદ સ્વામી એવા ધર્મભક્તિના સુત શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ કહે છે.

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान्।

सदाचारान् सदा तेऽत्र च महा सुखाः ॥

(શિ. શ્લોક. ૮)

એટલે શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણાર્થે પ્રતિપાદિત કર્યા એવા જે ધર્મ, નીતિ, સત્ય, પ્રેમ, અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે તે મનુષ્ય જે તે આ લોક અને પરલોકને વિષે મહાસુખિયા થાય છે.

સદાચાર એટલે સત્શાસ્ત્રને અનુકુળ કર્મ-કહેતાં શ્રીમદ્ ભગવત્ ગીતા અને શિક્ષાપત્રીમાં શ્રીહરિકૃષ્ણ ભગવાને કહ્યું છે તે પ્રમાણેનું વર્તન તે સદાચાર ધર્મ, આ સદાચાર ધર્મની વાત બહુ ઝીણી છે. શ્રીહરિ કહે છે. સુખિયા થવા -

अगालिंत न पातव्यं पानीयं च पयस्तथा।

स्नानादि नैव कर्तव्यं सूक्ष्म जन्तुमयाम्भसा ॥

(શિ. શ્લોક. ૩૦)

આ વાત એટલે પાણીજન્ય રોગોથી બચવાનો ઉપાય "શુધ્ધ જળ પીવું." "શુધ્ધ દૂધ પીવું" જેમાં ઝીણા જીવ જંતુ ન હોય. એટલે આરોગ્ય સચવાય અને રોગ મુક્ત જીવન બને જેથી માનસિક શાંતિનું સુખ પ્રાપ્ત થાય. તો પછી શ્રીહરિની આજ્ઞાનુસાર સદાચાર ધર્મની ઝીણી બીજી વાત સમજીએ.

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्वेषु कदाचन।

मलमूत्रोत्सर्जनं च न कार्यष्ठीवनं तथा ॥

(શિ. શ્લોક. ૩૨)

જો આપણે લોકશાસ્ત્ર પ્રમાણે તેમણે મૂળમૂત્ર કરવાને અર્થે વરજ્યાં એવાં સ્થાનક જે જીર્ણ દેવાલય, નદી, તળાવના આરા, માર્ગ, વાવેલું ખેતર તથા વૃક્ષ છાયા તથા ફૂલવાડી બગીચા આદિક સ્થાનકે ક્યારેય મળમૂત્ર ન કરીએ, ન થૂંકીએ તો આપણું ઘર, ગામ, નગર, શહેર, રાજ્ય કેવું નિર્મળ બને અને સર્વ પ્રકારે થતી ઝીણી જિંવાતથી થતી હિંસા અટકી જાય અને અહિંસા પરમોધર્મ પાળવાની આ વાત અતિ નિર્માની-સેવાભાવી જીવ હોય તેના સમજમાં આવે તેવી છે. અને પરહિતાય - સ્વસુખાય શ્રીહરિની આજ્ઞા છે.

कस्याऽपि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः।

सूक्ष्मयूकमित्कृणोदेरपि बुध्धया कदाचन ॥

(શિ. શ્લોક. ૧૧)

જે પાળવામાં આવે તો મનુષ્ય સમગ્ર જગતના સુખનો અધિકારી બની માનસિક શાંતિનું આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરી શકે છે અને ગૌવધ પ્રાણી હિંસા અટકી જાય. પરિણામે સાંસારિક જીવનમાં આવતા કલેશો, શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વર્તે તો દૂર થતાં, ગૃહસ્થજીવનમાં ઉપદ્રવ રહિત સુખ ભોગવી શકે છે. જો તે શ્રીહરિના સદાચાર ધર્મની - આજ્ઞા પાળે - તે પ્રમાણે વર્તન કરે તો મહાસુખિયો બને છે. આ રહી તે ચોથી આજ્ઞા.

मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिध्धये।

नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदाचनः ॥

(શિ. શ્લોક. ૨૦)

આ પ્રમાણે સદાચાર ધર્મની વાત વિચારી પ્રતિજ્ઞા લઈએ કે, "કોઈને પણ ગાળ નહિ બોલું અને કોઈના પર ખોટો આક્ષેપ નહિ કરું." તો તેનું પરિણામ કેવું સુંદર આવ્યું, તે આપણા સ્વ જીવનમાં જ વિચારતા થઈએ તો સમગ્ર વિશ્વ રાજ્યમાં આપણું ગુજરાત કેવું નિર્મળ બને ?

આમ સત્શાસ્ત્રોને અનુકૂળ કર્મ કહેતા "સદાચાર પ્રથમો ધર્મ "આપણા જીવનમાં હશે, તો આપણે પ્રાણીમાત્રનો પ્રેમ મેળવી શકીશું. શ્રીકૃષ્ણ પરમાત્મા કહે

છે જે મનુષ્ય શાસ્ત્રોનાં આદેશોની અવહેલના કરે છે અને સ્વેચ્છાથી મનફાવે તેમ મનસ્વીપણે વર્તે છે, તે સુખ પામતો નથી. માટે શ્રીહરિકૃષ્ણની આજ્ઞા પ્રમાણે શાસ્ત્રોના સિધ્ધાંતોનું અનુસરણ કરવું, અને કર્તવ્ય સમજીને કરવું.

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याक्रार्य व्यवस्थितौ ।

ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तृमिहार्हसि ॥

આ સદાચાર ધર્મનું પાલન કરવામાં મોટું વિઘ્ન હોય તો ''વ્યસન'' છે. વ્યસન સદાચારનો મહા શત્રુ છે. વ્યસનનો અર્થ છે દુઃખ, સંકટ, કેવળ દુઃખ દુઃખ અને દુઃખ એટલે જે ખાનપાન કરવાથી ભોગ-વિલાસ કરવાથી માત્ર દુઃખ ઉત્પન્ન થાય છે. તેનું નામ વ્યસન. ''વ્યસન તો કર્યા થાય છે, પણ પ્રારબ્ધે કરીને નથી, શ્રધ્ધા સહિત આગ્રહ કરીને શૂરવીરપણું હોય તો તે ટળી જાય, પણ શ્રધ્ધા ન હોય ને ફોશી હોય તેથી એ સ્વભાવ ટળે નહિ.'' (વચનામૃત લોયા પ્ર. ૮)

આપણામાં સારી અને નઠારી વાસનાઓ રહેલી છે, નઠારી વાસનાઓથી વ્યસન પડે છે. તેથી નઠારી વાસનાનો ત્યાગ કરવો એ સદાચાર ધર્મ છે. દુર્વ્યસન પણ એક પ્રકારની આપણી વાસનાનું પરિણામ છે. અને ભ્રષ્ટાચારનું બીજું રુપ છે. અને અધર્માચરણ છે. જે આપણા જીવન વિકાસમાં અવરોધ ઉભો કરે છે. અને પરમાત્માની પ્રાપ્તિ માટેની ઉપાસના અને ભક્તિમાર્ગમાં વિઘ્નરૂપ એવું વ્યસન એટલે સત્શાસ્ત્રોની આજ્ઞા વિરુદ્ધનું કર્મ-વર્તન છે. જે ચોરી, વ્યભિચાર, અસત્ય, કપટ, છળ, હિંસા, અભક્ષ્ય-ભક્ષ્ય અને પ્રમાદ વગેરે નીચ કર્મો તરફ ખેંચી જાય છે.

अनुबन्धं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।

मोहादारभ्यते कर्म यत्ततामेसमुच्यते ॥

(ગીતા અ.૧૭ શ્લોક. ૨૫)

જે કર્મ મોહવશ, સત્શાસ્ત્રોના નિયમનોની અવગણના કરીને તેના પરિણામ, હાનિ, હિંસા અને સામર્થ્યને ન વિચારીને કેવળ અજ્ઞાનથી પ્રારંભ કરવામાં આવે છે તે કર્મ તામસ કહેવાય છે. વ્યસન તામસ કર્મ છે. એટલે દુર્વ્યસન-દુષ્કર્મનો પ્રારંભ વિના વિચારે, કેવલ અજ્ઞાનથી, દેખાદેખીથી કે સોબતથી થાય છે. તે હાનિરૂપ છે.

આજકાલ વ્યસન ફેશન બની વધી રહ્યું છે. સ્કૂલ-કોલેજોમાં ભણતા ૪૫ ટકાથી વધુ બાળકો ધુમ્રપાન કરે છે. કેફી મસાલા ખાય છે. અભણ કે વિદ્વાન અરે શરમની વાત તો એ છે કે શિક્ષક ગણ કે પ્રોફેસર વર્ગ અને તેમનો વિદ્યાર્થી ગણ કે પછી સત્પુરુષ કહેવાતા સત્સંગી સમાજના વડિલો આમાંથી મુક્ત નથી તો પછી ચપટિયા, મફતિયા અને લપતિયાનો સમાજ ફૂલે ફાલે તેમાં દોષ કોનો ? અને શહેરોમાં તો મદિરા, અફીણ, ચરસ, ગાંજો, બ્રાઉન સુગર, હેરોઈન જેવાં માદક દ્રવ્યોનું સેવન ધનિક વર્ગની પ્રતિષ્ઠા ખંડિત કરનારું ચિન્હ બન્યું છે. ને જેના પરિણામે ફૂલ્યો ફાલ્યો છે ભષ્ટ્રાચાર, લાંચ રૂશ્વત, ખૂનામરકી અને આતંકવાદી હિંસા. આમાં દોષ કોનો છે ? વડીલો નો કે યુવકોનો ? વૃધ્ધો ને કે બાળકોનો ? સમાજનો કે સરકારનો, વેપારીઓનો કે ગ્રાહકોનો ? વાતો માંડીએ છીએ પણ શ્રીહરિની શિક્ષાપત્રી આજ્ઞાઓ સવારમાં પૂજા કરતાં વાંચીએ છીએ અને પછી બીજાને સંભળાવીએ છીએ.

व्यभिचारो न कर्तव्यः पुम्भिस्त्रीमिश्च मांश्रितैः ।

धूंतादि व्यसनं त्याजं नाद्य मङ्गादि मादकम् ॥

(શિ. શ્લોક. ૧૮)

પણ સત્તશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે પોતે શું કરીએ છીએ ? એ વિચારવાનો સમય પાકી ગયો છે. અને દિવ્ય ભાષ્કર વર્તમાન પત્રના તંત્રીશ્રીનો ''આગળ વધીએ વધતાં રહીએ'' નો સંદેશ ઝીલી, આજના યુગમાં મોટા સમારંભો કે લગ્ન પ્રસંગોમાં સ્વાગતમાં સિગારેટ અને મસાલાની પડીકીઓ મહેમાનોના હાથમાં પધરાવી મિત્રતા, પ્રેમ અને અતિથિ સત્કારનો ભાવ દર્શાવી જન સમાજની તંદુરસ્તી બગાડવાના પ્રયોગો બંધ કરીએ તો જ સાચા અર્થમાં ''જન સેવામાં'' દર્દીઓની સંખ્યા ઘટશે. તેનું પુણ્ય મળશે.

### શ્રી સ્વામિનારાયણ અંક ન મળવાની ફરિયાદ અંગે

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક દર માસની ૧૧ તારીખે નિયમિત અને ચોક્કસાઈ પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે. છતાં કોઈ સભ્યને અંક ન મળે તો ૨૦ તારીખ પછી આપની સ્થાનિક પોસ્ટમાં તપાસ કરાવ્યા બાદ સભ્ય નંબર સાથે જાણ કરવી. સભ્ય નંબર વગર ફરિયાદ લેવામાં નહીં આવે. જો સ્ટોકમાં અંક હશે તો ફરી મોકલવામાં આવશે.

# શ્રી ગુરુ વંદના

- ડૉ. હર્ષદભાઈ કસ્તૂરચંદ ઝીંઝુવાડીયા (અમદાવાદ)



गुरुर् ब्रह्मा गुरुर् विष्णुः, गुरुर् देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म, तस्मै श्री गुरवे नमः ॥
सूरपूर नरपूर नारपूर, ए तीन में सुख नांही ।
कां सुख हरि के चरणमें, कां संतन के मांही ॥
गुरु गोविंद दोनो खडे, किसको लागुं पाय ।
बलिहारी गुरु आपकी, गोविंद दियो बताय ॥
तनकी जाने मनकी जाने, जाने चित्तकी चोरी ।
ईनके आगे क्या छिपाना, जीनके हाथमें दोरी ॥

ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવ દેશની ગાદીના પીઠાધિપતિ પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય ૧૦૮ લાલજી મહારાજ પૂજ્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના પૂનિત શ્રી ચરણકમળની પવિત્ર સેવામાં.

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી અને અમારા સૌના પૂર્વ જન્મોના પુણ્યોના ફળ સ્વરૂપે અમને સૌને આ પૃથ્વી ઉપર ભરતખંડમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે. ભરતખંડમાં પ્રાપ્ત થયેલા મનુષ્ય જન્મનો મુખ્ય ધ્યેય એટલે પરમાત્માએ અમને વિના મૂલ્યે આપેલ અમૂલ્ય બુદ્ધિયોગનો શ્રેષ્ઠ સદ્‌ઉપયોગ કરી, શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે મનુષ્ય જીવન જીવી, મનુષ્ય જીવનના અંતે જીવાત્માનો શ્રીજી મહારાજના અક્ષરધામની પ્રાપ્તિ સાથે જન્મમરણના ફેરામાંથી જીવાત્માની મુક્તિ. જીવાત્માની મુક્તિ એટલે જીવાત્માનું પરમ કલ્યાણ - જીવાત્માનું આત્યંતિક કલ્યાણ.

ભરતખંડની પુણ્યભૂમિ માટે પરમાત્માનું અખંડ વરદાન છે, જ્યારે જ્યારે આ ભૂમિ ઉપર જીવાત્માને મનુષ્ય જ પ્રાપ્ત થાય છે ત્યારે, જીવાત્માના આત્યંતિક કલ્યાણ માટે અત્યંત જરૂરી એવા સત્સંગના યોગ માટે પરમાત્મા સ્વયં, પરમાત્માના અવતારો કે પરમાત્માના ભક્તજનો - સત્પુરુષો અવશ્ય વિચરણ કરતાં જ હોય છે. અમે સૌ મહાભાગ્યશાળી છીએ, કારણ કે, પરમાત્માના આ વરદાન પ્રમાણે અમને પરમાત્મા સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના દરેક સંતો અને સત્પુરુષોના પણ ગુરુ સ્થાને બિરાજમાન અને શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રગટના પ્રત્યક્ષ સ્વરૂપ એવા આપશ્રીની સેવા, આપશ્રી સાથે સત્સંગ અને સમાગમનો યોગ પ્રાપ્ત થયો છે. હવે અમારી પરમ પવિત્ર ફરજ બને છે કે, અમારા જીવાત્માના આત્યંતિક કલ્યાણ માટે અમારે આપશ્રીની આજ્ઞા - અનુવૃત્તિ સાથે, શ્રીજી મહારાજની આજ્ઞા, ઉપાસના અને ધોરણના અખંડ પ્રવર્તન સાથે તેમજ સંપ્રદાયના નિયમ, નિશ્ચય અને પક્ષના અનુસંધાન સાથે જીવન જીવી આપશ્રીના સેવક તરીકે આપશ્રીનો દાખડો સફળ કરવો જોઈએ.

સર્વે ગુરુના ગુરુ તો શ્રી સ્વામિનારાયણ ભગવાન જ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્વધામગમન પહેલા આપશ્રીની સમગ્ર સત્સંગ સમાજના ત્યાગી - ગૃહી સર્વે આશ્રિતોના ગુરુ સ્થાને નિયુક્તિ કરી, સમગ્ર સત્સંગ સમાજને અણમોલ ભેટ આપી અક્ષરધામનો

ધોરી માર્ગ ખુલ્લો મુક્યો છે. સંપ્રદાયના સિદ્ધાંત અને ધોરણ પ્રમાણે આપશ્રી દ્વારા દીક્ષીત ત્યાગી - ગૃહી સંતો - સત્પુરુષો સત્સંગની 'મા' કહેવાય છે. આ સિદ્ધાંત પ્રમાણે સંપ્રદાયના સત્પુરુષોના પણ ગુરુ સ્થાને બિરાજમાન એવા આપશ્રી પણ અમારા માવતર સમાન છો અને અમે સૌ આપના બાળકો છીએ તેથી પ્રભાતી કીર્તનમાં સંત કવિ સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી લખે છે તે પ્રમાણે અમે આપના શ્રી ચરણોમાં કરબધ્ધ પ્રાર્થના કરીએ છીએ કે,

**જેવો તેવો પણ પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે,**
**પેટ પડ્યો તે અવશ્ય પાળવો, વાલમ જુઓ વિચારી રે.**
**અનળ અહિ જો ગ્રહે અજાણે, તો છોડાવે રો'વારી રે,**
**બાળકને જનની સમ બીજું, કોણ જગમાં હિતકારી રે.**

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી માટે શ્રીમુખે કહે છે કે,

**સ્થાપ્યા દત્તપુત્ર પોતે સ્થિર રે, અવધપ્રસાદને રઘુવીર રે.**
**એહ કહે તેમ સહુ કરજો રે, પૂછ્યા વિના તો પગ ન ભરજો રે.**
**તેણે આપે કર્યા આચારજ રે, કરવા બહુ જીવનના કારજ રે.**
**હાથ જોડીને રે'જો હજૂર રે, કરી ડા'પણ પોતાનું દૂર રે.**
**આપ્યા વેં'ચી મંદિર ને દેશ રે, જેમાં કોઈને ન થાય કલેશ રે.**
**વિદ્યા, ગુણ, બુદ્ધિને બળે રે, એને દબાવવા નહિ કોઈ પળે રે.**
**સાધુ સત્સંગીના ગુરુ કીધા રે, દેશ ઉત્તર દક્ષિણ વેં'ચી દીધા રે.**
**વાદવિવાદ કરી વદને રે, એ શું બોલશો માં કોઈ દને રે.**
**કહે સહુસહુને દેશે રે'જો રે, સારો સહુને ઉપદેશ દેજો રે.**
**એને હોડ્યે હઠાવી હરવી રે, પોતાની સરસાઈ ન કરવી રે.**
**તમને માનશે પૂજશે જેહ રે, મોટા સુખને પામશે તેહ રે.**
**એની માનજો સહુ આગન્યા રે, વર્તશો માં કોયે વચન વિના રે.**
**વળી કરશે સનમાન એનું રે, મારે કરવું છે કલ્યાણ તેનું રે.**
**એને રાજી રાખશો જો તમે રે, તો તમ પર રાજી છીએ અમે રે.**
**એમ આચારજથી કલ્યાણ રે, થાશે સહુ જીવનું સુજાણ રે.**
**એને રાજી રાખશે જે જેન રે, તેણે અમને કર્યા પ્રસન્ન રે.**
**જે જે એને કોઈ આસરશે રે, તે તો જરૂર ભવજળ તરશે રે.**
**કાં જે અમારે ઠેકાણે એ છે રે, તે તો પ્રવિણ હોય તે પ્રીછે રે.**
**માટે મોક્ષનું મોટું દ્વાર રે, અમે ઉઘાડિયું છે આ વાર રે.**
**અમે એ માં એ છે અમ માંઈ રે, એમ સમજો સહુ બાઈ ભાઈ રે.**
**આચારજથી બહુ ઉદ્ધરશે રે, જાણો બ્રહ્મનગર વાસ કરશે રે.**
**એથી અમે અળગા ન રહીએ રે, એમાં રહીને દર્શન દઈએ રે.**
**માટે સૌ રે'જો એને વચને રે, ત્યાગી ગૃહી સહુ એક મને રે.**
**ધર્મવંશી આચારજમાંય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે.**
**રે'જો ધર્મવંશીને ગમતે રે, વર્તશો માં કોયે મન મતે રે.**
**એમ શ્રીમુખે કહ્યું શ્રીજી એ રે, જન સૌ સત્ય માની લીજીએ રે.**

સંપ્રદાયના ધર્મશાસ્ત્રોમાં સત્પુરુષો માટે જે લખે છે તે સત્પુરુષોના પણ ગુરુ સ્થાને બિરાજમાન એવા આપશ્રી માટે પણ છે, તેમાં લખે છે કે,

द्रष्टाः स्पृष्टा नता वा कृतपरिचरणा भोजिताः पूजिता वा,
सद्यः पुंसाम धौधं बहुजिन जनितं ध्वेनित ये वै समूलम्।
प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातं,
तेषां मातः प्रसङ्गात्किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षोः॥

"સત્પુરુષોનાં દર્શનથી, સ્પર્શથી, તેમને નમસ્કાર કરવાથી, તેમની પરિચર્યા (સેવા) કરવાથી, તેમને ભોજન વડે તૃપ્ત કરવાથી, તેમનું ચંદન પુષ્પાદિ વડે પૂજન કરવાથી મનુષ્યોના ઘણા જન્મના પાપનો સમૂહ તત્કાળ મૂળમાંથી નિશ્ચે નાશ પામે છે. તે સત્પુરુષોને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પોતાનાં હૃદયસમા કહેલા છે અને તેમના ચરણમાં તીર્થમાત્ર નિવાસ કરીને રહ્યાં છે. આવા સત્પુરુષોના પ્રસંગથી, શ્રીહરિ કહે છે, હે માતા, મુમુક્ષુઓને આ લોકમાં શું દુર્લભ રહે ?" અર્થાત્ કાંઈ પણ દુર્લભ ન રહે.

સમગ્ર સત્સંગ સમાજના ત્યાગી - ગૃહી આશ્રિત માત્રના ગુરુ સ્થાને બિરાજમાન આપશ્રીના આજના ગુરુપૂર્ણિમાના પરમ પવિત્ર દિવસે ગુરુ પૂજનનો અલભ્ય અને અમૂલ્ય લાભ અમને સર્વેને પ્રાપ્ત થયો છે. આપશ્રીના પૂજન દ્વારા અમને આપશ્રીના અંતઃકરણમાં બિરાજમાન સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના પૂજનનો અલભ્ય લાભ પણ પ્રાપ્ત થયો છે એ અમારા સૌના પરમ સદ્ભાગ્ય છે. આ શ્રી ગુરુ વંદના રૂપી પ્રાર્થના પત્ર દ્વારા અમે સૌ, શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે જીવન જીવવા શક્તિશાળી બનીએ અને અમારા જાણે અજાણે થયેલા અપરાધોથી મુક્ત બનીએ તેમજ અમારા સૌ ઉપર આપશ્રીની અને આપશ્રીના હૃદયકમળમાં બિરાજમાન શ્રીજી મહારાજની પ્રસન્નતા, કૃપાદૃષ્ટિ અને અમીદૃષ્ટિ અખંડ વરસતી રહે એવી આપશ્રીના ચરણોમાં કરબદ્ધ પ્રાર્થના સાથે વિરમીએ છીએ.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આવતા દર્શનાર્થીઓને અનેરી શાંતિનો અનુભવ તો થતો રહે છે. પરંતુ હોલ નં.૮માં શ્રીહરિએ પૂજેલ સર્વોપરિ શ્રી નરનારાયણ દેવના સ્વંય અભિષેકના મહામૂલા લાભથી પણ અનેક લોકોના સંકલ્પો સિધ્ધ થઈ રહ્યા છે. આ ઉપરાંત હવેતો સત્સંગીઓ મ્યુઝિયમ ચાલતા આવવાનો સંકલ્પ કરે છે. અને તેમના તમામ મનોરથ શ્રીહરિ પૂર્ણ કરે છે.હમણા આવા જ એક દંપતિ ઉર્મિલાબેન અને ઘનશ્યામભાઈ ના મનવાંછિત સંકલ્પ પૂર્ણ થતા તેમની સાથે ઘણા સત્સંગીઓને લઈ પદયાત્રા સ્વરૂપે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શને આવ્યા હતા. મ્યુઝિયમ નિર્માણથી આજ સુધી આવા તો અનેક પ્રસંગો બનતા આવ્યા છે. કેમ ના હોય મ્યુઝિયમ સ્વયં શ્રી હરિનું છે અને તેના નિર્માણનો સંકલ્પ તેમનાજ વંશજનો છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ભેટયોજના અંતર્ગત નોંધાવનાર દાતાશ્રીઓની યાદી

**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તરફથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ખર્ચ માટે નીચે મુજબ મળેલ ભેટ**

- **રૂા. ૧૧૦૦૦/- ચિ. લાલજી મહારાજશ્રીના જન્મ દિન પ્રસંગે**
- **રૂા. ૧૧૦૦૦/- ચિ. શ્રીરાજાના જન્મ દિન પ્રસંગે**
- **રૂા. ૫૦૦૦/- ભાણાભાઈ ચિ. સૌમ્યકુમાર પ્રથમ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના પ્રથમ દર્શને આવ્યા તે નિમિત્તે**
- **રૂા. ૫૦૦૦/- ભાણાભાઈ ચિ. સુવ્રતકુમાર પ્રથમ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના પ્રથમ દર્શને આવ્યા તે નિમિત્ત**

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | શારદ ગાધર્વ - અમદાવાદ |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | ગોલ્ડ સ્ટાર જવેલર્સ - અમદાવાદ<br>હસ્તે સંદિપ વ્રજલાલ ચોકસી,<br>દેવેન દિનેશ પાટડીયા |
| રૂા. ૫૦,૦૦૦/- | ઘનશ્યામ કાંતિલાલ શાહ - સેટેલાઈટ |
| રૂા. ૩૦,૦૦૦/- | આરતી ગોરધનભાઈ પનારા - હૈદ્રાબાદ |
| રૂા. ૧૧૧૧૧/- | યશવંતભાઈ ડાહ્યાભાઈ અમીન - અમદાવાદ |
| રૂા. ૧૧૧૧૧/- | ઘનશ્યામભાઈ માણેકલાલ ઠક્કર - ઘોડાસર |
| રૂા. ૧૧૦૦૦/- | સત્સંગ પરિવાર શ્રી સ્વામિનારાયણ મંદિર,<br>સે.૨૩, ગાંધીનગર હસ્તે શાસ્ત્રી હરિપ્રિયદાસ |
| રૂા. ૧૧૦૦૦/- | હસમુખભાઈ જી. અમીન - અમદાવાદ |
| રૂા. ૧૧૦૦૦/- | અમિત શાંતિલાલ પટેલ - મોરબી |
| રૂા. ૧૧૦૦૦/- | કાનજી હિરજીભાઈ પટેલ - નડિયાદ |
| રૂા. ૫૦૦૦/- | ઘનશ્યામ એન્જીનીયરીંગ - બોપલ |
| રૂા. ૫૦૦૦/- | કેશરબેન મધુભાઈ મકવાણા - સામકડા |
| રૂા. ૫૦૦૦/- | મહેશભાઈ એસ. પટેલ લાલોડાવાળા<br>શિવ કેમીકલ - વાપી |
| રૂા. ૫૦૦૦/- | મજુલાબેન સુરેશકુમાર પટેલ - અંબાપુર |
| રૂા. ૫૦૦૦/- | રવિશ મધુસુદન ભાવસાર - ઉમરેઠ |
| રૂા. ૫૦૦૦/- | વસંતબેન સોની (કે.પી. ચેરિટેબલ)<br>હસ્તે ડો. ઝીંઝુવાડીયા - અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | ઘનશ્યામ ફેબ્રીકસ - અમદાવાદ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં જુલાઈ, ૨૦૧૧માં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી

| | |
|---|---|
| તા.૦૨ | ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર - નવા વાડજ<br>હસ્તે મુકેશભાઈ તથા રિકેશભાઈ |
| તા.૦૩ | ઘનશ્યામદાસ કુબેરદાસ પટેલ વિહારવાળા<br>હસ્તે ડો.સમીરભાઈ ઘનશ્યામભાઈ |
| તા.૦૫ | નરનારાયણ મહિલા મંડળ - રાણીપ<br>હસ્તે શારદાબેન, કૈલાસબેન, સાકુબેન તથા ધર્મિષ્ઠાબેન |
| તા.૧૦ | હીરાબેન જોઈતારામભાઈ છગનદાસ - ડાંગરવા<br>હસ્તે અશોકકુમાર જોઈતારાભાઈ - રાણીપ |
| તા.૧૦ | કેન્ટીનમાં જમતી મૂર્તિના યજમાન<br>રવજીભાઈ વેલજીભાઈ પટેલ હસ્તે અંકિત, શ્યામ - કર્મશક્તિ |
| તા.૧૨ | અ.નિ. છગનભાઈ લાલજીભાઈ મનાણી<br>હસ્તે મનસુભાઈ તથા રમેશભાઈ - જીરાગઢવાળા |
| તા.૧૬ | પૂર્ણ અંકિતકુમાર રવજીભાઈ પટેલ - નારણપુરા<br>શ્યામ રવજીભાઈ પટેલ હસ્તે રવજીભાઈ વી. પટેલ |
| તા.૧૭ | જીજ્ઞાસા વિરેન્દ્રકુમાર દેસાઈ કુંડાળવાળા<br>હસ્તે વાડીભાઈ રામભાઈ પટેલ, નગીનભાઈ રામભાઈ,<br>નટુભાઈ રામભાઈ, કિરીટભાઈ રામભાઈ |
| તા.૧૮ | અક્ષયભાઈ પી. પટેલ - યુ.એસ.એ.<br>હસ્તે ભક્તિભાઈ દેવઉસણાવાળા - રાણીપ |
| તા.૧૯ | રમેશભાઈ અંબાલાલ પટેલ - વિરાટનગર<br>હસ્તે સવિતાબેન તથા રૂપમબેન |
| તા.૩૧ | મિતેન રમણલાલ પરીખ, મયુર રમણલાલ પરીખ,<br>સમીર રમણલાલ પરીખ - સરસપુર |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com • email:swaminarayanmuseum@gmail.com**

# અભિપ્રાય

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

JayShree Swaminarayan Of all the Museum of the World this is the most importent and does not only contain old items but divine and items that will give Salvation to thos who have darshan of them

- Saints from Bhuj Mandir Kutch

"નિરખી નયણાને તૃપ્તી ના મળે રે લોલ....."
Heaven on Earth. Thanks for All Hard Work, all Satsangis are very greatful. This is Wove than one day to enjoy please have good Album to take hanc to remained every day for heavenly place. અસાધારણ, અલૌકિક Grand landwork.
My wife Inquid was with me, she felt at NarnarayanDev Pratistha Room. One Saint was wowing Head; I thought it may be powered some way. I don't know why she felt that feeling? She enjoyed with almost inspiration from God Swaminarayan .
Heartily Congratulation from my Family. Not Inough Words to thanks and express Joyful grateful Feelings. Thanks, we love U H.H. Mota A.M Tejendraprasadji.

-Pankaj Barot (Ohio USA)

This is the first wonder of the world uncomparably and amazing way to reach Akshardham

- Aditi Thakkar - Muscat (Canada)

જયશ્રી સ્વામિનારાયણ

અમો ગઢડા (સ્વામિના)માં જન્મથયેલ હોઈ અમો ગઢડા આજુબાજુના રહેવાસી સ્વામિનારાયણ મ્યુઝિયમની મુલાકાતથી ધન્યતા અનુભવીએ છીએ. એક સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રસાદીની વસ્તુઓ જોવા માણવા અને દર્શન માટે તમામ હરિભક્તોને નજીવા અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ મુલાકાત માટેના આયોજન માટે મોટા મહારાજશ્રી શ્રીતેજેન્દ્રપ્રસાદજીના આશીર્વાદથી સરસ આયોજન, સ્વચ્છતા, શિસ્તથી અમે ઘણા પ્રસન્ન થયા છે.

- નિતીન પી. ગજ્જર

એડવોકેટ

જયશ્રી સ્વામિનારાયણ

વડતાલવાસી ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના દર્શન તો નિત્ય તેમની કૃપાથી કરી એજ છીએ. પણ હોલ નં.૮ (મૌન હોલમાં) આજે મનુષ્યરૂપ મહારાજના દર્શન થયા અને જાણે ૨૦૦ વર્ષ પહેલાની અનુભૂતિ થઈ. આજની તારીખવાર ભૂલી ગયા. અમારા હાથમાં નખ કેશ - અસ્થિ આવેતો અમે ખાઈ જઈએ પણ કોઈને ન આપીએ લાખોને કરોડો ધન્યવાદ છે આ પધરાવીને અનેકોને દર્શન કરવા આપનાર હરિભક્તો - સંતો - ધર્મકુળને પ.પૂ. મોટા મહારાજશ્રીને કરોડો વાર સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ તો પણ આ દિવ્યતાનો જે અનુભવ મ્યુઝિયમમાં કરાવ્યો તે ઋણમાંથી ન છુટાય.

ગોપાળાનંદ સ્વામી કહે કે ચાર પ્રકારના ભક્તો ૧. પોતે ભજે ૨. બીજાને ભજાવે ૩. બીજાને ભજવાદે ને ૪. કોઈને ન ભજવા દે ને ન ભજે એમાં બીજા પ્રકારના ભક્તો ઉત્તમ જે આજે પૂ. મોટા મહારાજશ્રી જે શ્રીજી મહારાજના અતિ ગમતામાં વર્તે છે. આ ઉંમરે આટલી દોડાદોડ કરી આટલું ભેગું કરી સંપ્રદાયને આપ્યું મહારાજ સંતો ભક્તોનો ખૂબ ધર્મકુળ પર રાજીપો તથા સૌ તેમના ઋણમાં રહેશે.

- વડતાલ વાસી સત્સંગી બહેનોના જય સ્વામિનારાયણ

"અદ્‌ભૂત"

પ.પૂ. મહારાજશ્રીના તપનું ફળ નિહાળી ધન્યતા અનુભવીએ છીએ. વારંવાર દર્શનાર્થે આવી મનની શાંતિ પ્રાપ્ત કરવાનો અને મોક્ષ તરફ પ્રયાણનો હેતુ સર થઈ શકે તેવી પવિત્ર ભૂમિ ઉપર આવ્યા... પ્રભુની અસિમકૃપા.... જયશ્રી સ્વામિનારાયણ

- વિરેન્દ્રસિંહ બી. ઝાલા (સમલા)
P.P.S. to Police Comm. - A'bad city

જયશ્રી સ્વામિનારાયણ

આજરોજ અમો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ બનાવેલ જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો જન્મ તથા બાલચરિત્ર તથા ભગવાનના જુના પુરાણા આભૂષણો તથા તેમના હથિયાર તથા ભગવાન શ્રી સ્વામિનારાયણ ઉપદેશ જેવાકે નાસ્તિક માણસ પણ આશ્રિત બન્યા જે સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ આ મ્યુઝિયમ જોઈને તેના ભાગ્ય તથા સંતોના તથા હરિભક્તોનો પ્રેમ જોઈ અમો ઘણા આનંદી થયા છીએ

- આભાર પટેલ કાન્તિલાલ દેવીદાસ - ડાંગરવા

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

Vibrant Gujarat
Colours of India

ક્રમાંક:માર્કેટીંગ/પ્રચાર/૨૦૧૧/ 170 ફાઈલ

તા:[illegible]/૬/૧૧

પ્રતિ,
મુખ્ય કારભારીશ્રી,
મુખ્ય કારભારીશ્રી કચેરી,
શ્રી સ્વામીનારાયણ મંદિર,
કાલુપુર,
અમદાવાદ–૧

<u>વિષય</u> : શ્રી સ્વામીનારાયણ મ્યુઝિયમ, નારણપુરા – અમદાવાદને પ્રવાસન વિભાગમાં જોવાલાયક સ્થળ તરીકે નોંધણી કરવા અંગે.
સંદર્ભ : આપનો તા:૩૦/૪/૧૧નો પત્ર.

**મહાશય,**

ઉપરોક્ત વિષય અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, અમદાવાદના જોવાલાયક પ્રવાસન સ્થળોના બ્રોશરમાં શ્રી સ્વામીનારાયણ મ્યુઝિયમ, નારણપુરા – અમદાવાદનો સમાવેશ કરવામાં આવશે.

સામાન્ય રીતે ગુજરાત રાજ્યની પ્રવાસન પ્રવૃત્તિની પ્રચાર–પ્રસિધ્ધિ જુદા–જુદા માધ્યમો દ્વારા દેશ–વિદેશમાં કરવામાં આવે છે જેથી અમદાવાદના જોવાલાયક સ્થળોનું બ્રોશર પણ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા જ્યારે જ્યારે પ્રચાર–પ્રસિધ્ધિ કરવામાં આવે છે ત્યારે આ બ્રોશરનું વિતરણ કરવામાં આવે છે. આમ અમદાવાદના જોવાલાયક સ્થળોમાં આપના મ્યુઝિયમનો સમાવેશ થયા બાદ દેશ–વિદેશમાં આ પ્રચાર–પ્રસિધ્ધિ થશે જે આપશ્રીને વિદિત થાય.

આપના મ્યુઝિયમના ફોટોગ્રાફની રાઈટ કોપી તથા વિગતો નિગમની એડ એજન્સી સૌભાગ્ય એડવર્ટાઈઝીંગ, અમદાવાદનો મોબાઈલ નં.૯૩૨૮૫૧૯૬૯૫,શ્રી દર્શનને મોકલી આપવા વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(સહી)
મેનેજર (માર્કેટીંગ)

<u>નકલ રવાના:</u>
(૧) સૌભાગ્ય એડ એજન્સી, ૧લો માળ, શંકર ચેમ્બર્સ, એચ.કે.હાઉસ પાસે, અમદાવાદ
–અમદાવાદના જોવાલાયક સ્થળોમાં શ્રી સ્વામીનારાયણ મ્યુઝિયમ, નારણપુરા–અમદાવાદનો સમાવેશ કરવા વિનંતી છે.

Tourism Corporation of Gujarat Limited
(A Govt. of Gujarat Undertaking)
Block No. 16/17, 4th Floor, Udyog Bhavan, Sector 11, Gandhinagar - 382 016.
GUJARAT TOURISM Phone : +91-79-23222523, 23222645, 23220002 Fax : +91-79-23238908
E-mail : Website : www.gujarattourism.com

# આનંદની હેલી

## ભગવાન છેતરાયા

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

અનંત કોટી બ્રહ્માંડના અધિપતિને રહેવાનું સ્થળ એટલે અક્ષર ઓરડી. જેમાં ચોમાસામાં ઉપરથી પાણી પણ પડતું. પરમાત્મા અને મહાપુરુષોના જીવનમાં ગજબની સાદગી જોવા મળતી હોય છે.

આ અક્ષર ઓરડીમાં હંમેશા મહારાજ પોઢતા હતા. મહારાજની બાજુમાં બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓની સાથે અદ્‌ભૂતાનંદ સ્વામી પણ બેઠા હતા. એ વખતે મહારાજે સંતો સામે જોઈને કહ્યું, ગાડુ મગાવીને એમાં અમારો ઢોલિયો મૂકો. આપણે બધા વગડામાં જઈને સૂઈ જઈએ. નિરાંતે ઊંઘ સારી આવે. ત્યાં ઠંડક સારી રહેશે.

મહારાજનું વચન સાંભળીને બ્રહ્માનંદ સ્વામીએ કરીમ ભક્તને ગાડું લાવવાનું કહ્યું. કરીમ ભક્ત ઉભા થઈને બહાર ગયા પછી સ્વામીએ મહારાજને કહ્યું કે મહારાજ ! તમે મુખ ઉપર ચાદર ઓઢી લો. જુઓ ગાડું આવ્યું. હવે અમે ઢોલિયો ઉપાડીને ગાડામાં મૂકીએ છીએ. એમ કહી એક બાજુથી બ્રહ્માનંદ સ્વામીએ અને બીજી બાજુથી નિત્યાનંદ સ્વામીએ ઢોલિયો ઉપાડ્યો. અને ગાડું જેમ ચાલે તેમ ઉંચો નીચો કર્યો, આડો અવળો કર્યો. થોડીવાર પછી ઢોલિયો નીચે મૂક્યો અને સ્વામી બોલ્યા મહારાજ ! આ વગડો આવી ગયો. હવે શાંતિથી પોઢી જાઓ. ઉંઘી જાઓ. એમ કહીને બંને સંતો નીચે બેઠા.

બે કલાક આરામ કરીને મહારાજ જાગ્યા. જાગીને જોયું તો એજ અક્ષર ઓરડી જોઈ ! ઓહ આ ક્યાં વગડો છે ? આ તો અમારી અક્ષર ઓરડી છે ! તમે અમને છેક છેતર્યા ! સાંભળીને બ્રહ્માનંદ સ્વામી બોલ્યા હે બાપા ! તમે પણ અમને બહુ વખત છેતર્યા છે એટલે આ વખતે અમારો વારો છે. એમ ખૂબ રમૂજ કરીને આનંદ કર્યો. સર્વ સંતોને ઉતારે જવાની આજ્ઞા કરીને સ્વયં ફરીથી પોઢી ગયા.

## સંવત ૨૦૬૭-૬૮ના વર્ષમાં ચોમાસામાં ગામડાંઓ (દેશ) કથા કરવા ગયેલ સંતોની યાદી

| દેશનું નામ | મંડળધારીનું નામ |
|---|---|
| પોર-વાવોલ | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| ઘમાસણા | શાસ્ત્રી સ્વામી અભયપ્રકાશદાસજી ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) |
| અસલાલી | શાસ્ત્રી સ્વામી ચૈતન્યપ્રકાશદાસજી ગુરુ પી.પી. સ્વામી (કોટેશ્વર) |
| કણભા | સ્વામી નિલકંઠદાસજી ગુરુ હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) |
| કપડવંજ | શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સુર્યપ્રકાશદાસજી (અમદાવાદ) |
| બાલાસિનોર | શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સુર્યપ્રકાશદાસજી (અમદાવાદ) |
| આંતરોલી | સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ્વામી જાનકીવલ્લભદાસજી (નાથદ્વારા) |
| લુણાવાડા | સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ નારાયણજીવન (અમદાવાદ) |
| મારૂસણા | સ્વામી રઘુવીરદાસજી ગુરુ સ્વામી કૃષ્ણજીવનદાસજી (સોકલી) તથા સ્વામી જગદીશપ્રસાદદાસજી સ્વામી કૃષ્ણજીવનદાસજી (ઈડર) |
| ટ્રેન્ટ સીતાપુર | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| મોટપ | સ્વામી ઉત્તમપ્રિયદાસજી ગુરુ સ્વામી કૃષ્ણકેશવદાસજી (મહેસાણા) |
| ઉંઝા | અનુપમસ્વામી ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજી (ધ્યાની સ્વામી) |
| વિસનગર | શાસ્ત્રી સ્વામી નારણવલ્લભદાસજી ગુરુ સ્વામી હરિસેવાદાસજી (વડનગર) |
| સંતરામપુર | શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી ગુરુ સ્વામી હરિશ્ચંદ્રપ્રકાશદાસજી (અમદાવાદ) |
| ખાખરીયા | શાસ્ત્રી સ્વામી સ્વયમંપ્રકાશદાસજી ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (જયદેવપુરા) |
| પ્રાંતિજ-મોડાસા | શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી ગુરુ સ્વામી દેવપ્રસાદદાસજી (અમદાવાદ) |
| બાલવા | શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજી ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી (સિધ્ધપુર) |
| સાદરા-વાસણા | સ્વામી હરિપ્રકાશદાસજી ગુરુ સ્વામી નારાયણમુનિદાસજી (અમદાવાદ) |
| ભાત-કાસીન્દ્રા | કોઠાર હસ્તક |
| સાણંદ-ગોધાવી | પાર્ષદ નરેન્દ્ર ભગત |
| નળકંઠા | સ્વામી હરિપ્રકાશદાસજી ગુરુ સ્વામી નારાયણમુનિદાસજી (અમદાવાદ) |
| વિરમગામ | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| કડી-રાજપુર | શાસ્ત્રી સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (અમદાવાદ) |
| શિરોહી | સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ સ્વામી હરિગોવિંદદાસજી (કાંકરીયા) |
| લાંઘણજ | શાસ્ત્રી સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (અમદાવાદ) |
| વડું - ડાંગરવા | શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી ગુરુ સ્વામી હરિજીવનદાસજી (અમદાવાદ) |
| વિહાર-ગેરીતા | ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી હસ્તે શિષ્ય વિશ્વસ્વરૂપદાસજી (અમદાવાદ) |
| મોખાસણ | સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (સિધ્ધપુર જુનુ મંદિર) |

# પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અમેરિકામાં સૌ પ્રથમ સત્સંગ શિબિર

- શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (આઈ.એસ.એસ.ઓ. અમેરિકા)





શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અમેરિકામાં ન્યુયોર્ક વિસ્તારમાં ૨૬ જૂન થી ૧ જુલાઈ સુધી આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં દૂર સુદૂર એટલે કે કેલિફોર્નિયા, એલબેમા, અને છેક યુ.કે.થી અને અન્ય દેશોથી કુલ ૨૫૦ થી વધુ બાળકો 'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ' એવા ભગવાનનું ભજન કીર્તન કરતા ૨૭ કલાકની બસની મુસાફરી દ્વારા શિબિરના સુંદર રમણીય પહાડોથી ઘેરાયેલા, અદ્‌ભુત સૌંદર્ય સમા, જ્યાં ખળખળ વહેતા નદીના નિર્મળ જળથી વાતાવરણ કાંઈક ઔર લાગતું હતું. હરિયાળું જંગલ, વૃક્ષોનું અદ્‌ભુત વન, એવડા મોટા વૃક્ષો કે જે આકાશને આંબવા જતા ન હોય આવા કુદરતી સૌંદર્યથી ભરપુર ધરતીના ખોળે પ.પૂ. લાલજી મહારાજના સાનિધ્યનું સુખ માણવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના બાળ યુવાનો એકત્રિત થયા હતા. આ પ્રસંગનું મુખ્ય સૂત્ર હતું. 'My Mnadir' એટલે કે મારૂં મંદિર ! આ હા કેવું અદ્‌ભુત!

અહીં બહેનો-યુવતીઓને પણ કેવું સુખ મળ્યુ. બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂજ્ય શ્રી રાજા સત્સંગનું જ્ઞાન આપવા અને પોતાના સાનિધ્યનું સુખ આપવા પધાર્યા હતા. ખાસ કરીને વિદેશમાં રહેતા આપણા સંપ્રદાયની ભાવિ પેઢીને આપણા મૂળ સંપ્રદાયના સિધ્ધાંતો, આપણી સંસ્કૃતિ, આપણી ગાદીની પરંપરાનું સિંચન કરવા આવા કેમ્પોનું આયોજન થાય છે.

કેમ્પમાં સૌ પ્રથમ સવારમાં સ્નાનાદિકથી પરવારી પૂજા પાઠ-ઠાકોરજીની આરતી ભજન કીર્તન, શિક્ષાપત્રી અધ્યયન, નિત્ય નિયમ, આદિ કાર્યક્રમો વિધિવત થતા. અને સંધ્યા સમયે ઠાકોરજીની આરતી અને નિયમ બાદ જ્ઞાન સભા વચનામૃત (૨૭૩) ઉપર અધ્યયન અને ઉપદેશ સંતો દ્વારા સત્સંગનું પોષણ મળતુ.

અહીં સભાના પ્રારંભે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો યથાર્થ મહિમા જાણી સૌ ધૂનમાં તલ્લીન બની નાચી ઉઠતા ! તેમાં તરબોળ બની જતા !

કેમ્પ દરમ્યાન શ્રી મનજીભાઈ હીરાણી (હ્યુસ્ટન) એ મૂળ પાયાનું સત્સંગનું મુખ્ય શિક્ષણ કાર્ય સંભાળ્યું હતું. જેમાં તેઓએ આપણા મૂળ સિધ્ધાંતો તથા ધર્મનું જ્ઞાન ખૂબજ સરળતાથી સમજાવ્યું હતું.

કેમ્પના ત્રીજા દિવસે યુ.કે. વુલવીચના આપણા યુવાનોએ હાસ્ય વિનોદ સાથે આધુનિક માધ્યમથી મંદિરની મહત્તા સમજાવી હતી. જેથી સૌને ખ્યાલ આવ્યો કે ખરેખર મંદિર તો તેમાં બિરાજમાન ભગવાનને અર્થે અને એમની સેવા ભક્તિ અર્થે છે. બોસ્ટનના યુવાનોએ આપણા મંદિરોમાં ઉજવાતા ઉત્સવો તહેવારોનું રહસ્ય અને મહિમાની માહિતી સંપ્રદાયની રીતિ મુજબ નવીન પધ્ધતિથી આપી હતી. સિનેમિન્સન (ન્યુજર્સી)ની યુવતીઓએ પણ બહેનોને ખૂબજ ઉત્સાહથી શિક્ષણનું જ્ઞાન આપ્યું હતું. સર્વોપરિ શ્રીજી મહારાજના સમયથી આજ પર્યન્ત નિષ્ઠાવાન આપણા સંતો દ્વારા સત્સંગની પૃષ્ટિ થાય છે. તેના અનુસંધાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પધારેલા શા. રામકૃષ્ણદાસજી સ્વામી (કોટેશ્વર), ધર્મકિશોર સ્વામી (એલ.એ.) તથા જ્ઞાનપ્રકાશ સ્વામી (કોલોનીયા)એ ખૂબજ મહેનત કરીને અંગ્રેજી તથા સરળ

અનુસંધાન પેજ - ૨૩ પર

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## વિશેષ નિયમની વિશેષ વાત

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

ચાતક જેમ ચંદ્રની પ્રતિક્ષા કરે છે, મોરલા જેમ મેહુલાની પ્રતિક્ષા કરે છે, કુંજ પક્ષીના બચ્ચાં જેમ તેની માતાની પ્રતિક્ષા કરે છે તેમ આપણે પણ કેટલા સમયથી વરસાદની રાહ જોઈ રહ્યા હતા ? વર્ષાઋતુમાં વરસાદ આવતાંની સાથે વાતાવરણમાં કેવી આહલાદકતા વ્યાપી જાય છે, ચારે તરફ વનરાજી લીલી છમ થઈ હોય, ભીની ભીની માટીની ખુશ્બુ આવતી હોય એવા વાતાવરણમાં કેવી મજા પડી જાય. બાળકો, યુવાનો, વડીલો સહુ વરસાદ આવતાંની સાથે ખુશ ખુશ થઈ જાય. આહ ! કેવી મજા !

આવ રે વરસાદ, ઘેબરીયો પ્રસાદ,
ઉની ઉની રોટલી ને કારેલાનું શાક.

પણ બાળકો તમને ખબર છે, મજામાં પણ ઘણી વખત સજા થઈ જતી હોય છે. બીજાને તો ઠીક પણ એકવાર આપણા ઘનશ્યામ મહારાજના મોટા ભાઈ રામપ્રતાપભાઈને પણ આ વર્ષાઋતુમાં સજા થઈ ગયેલી!!! મોટાભાઈને વળી સજા ? આ તો બહુ આશ્ચર્ય કહેવાય !!! જો તમારે જાણવુ હોય તો શાંતિથી અને સાવધાની થી આ વાત વાંચો.

જ્યારે ઘનશ્યામ મહારાજ છપૈયામાં બિરાજતા હતા તે સમયની આ વાત છે. અષાઢ શુદ-૧૧ થી ચાતુર્માસ શરૂ થતો હતો તેથી શરૂઆતના દિવસે સવારે જ ઘનશ્યામ મહારાજે ઘરના સહુને યાદ દેવડાવી દીધું કે આજથી ચાતુર્માસની શરૂઆત થાય છે એટલે બધા જ વિશેષ નિયમો લઈને ભગવાનને રાજી કરશું. સહુએ ઘનશ્યામ મહારાજની આજ્ઞાનું પાલન કરવા વિશેષ નિયમો લીધાં. મોટા ભાઈએ પણ વિશેષ નિયમ લીધા. તેમાં એક નિયમ એવો લીધો કે સૂર્યનારાયણનાં દર્શન થાય પછી જ જમવું. તમને તો ખબર જ હશે કે ચાતુર્માસ ચોમાસામાં જ આવે. હવે એવું થયું કે રામપ્રતાપભાઈને આ નિયમ ભારે પડી ગયો. છપૈયામાં ચોમાસું જામ્યુ. સારાય આકાશમાં કાળા ડિંબાંગ વાદળો ઘેરાઈ ગયાં. અને એ ઘનઘોર વાદળામાં સૂર્યનારાયણ છુમંતર થઈ ગયા. ને વરસાદ પણ વરસવા લાગ્યો.

રામપ્રતાપભાઈનો તો નિયમ હતો કે સૂર્યનારાયણનાં દર્શન ન થાય ત્યાં સુધી જમવું નહી. તે આ વરસાદમાં તો સૂર્યનારાયણનાં દર્શન થઈ શક્યાં નથી. રામપ્રતાપભાઈને તો ઉપવાસ થયો. તે થોડું ઘણું નહી પણ એક, બે, ત્રણ એમ કરતાં કરતાં લાગલાગટ બાર ઉપવાસ થઈ ગયા. પણ આ મુશ્કેલીથી હારી જાય તો મોટાભાઈ શાના !! નિયમ એટલે નિયમ. નિયમ પાળતાં ગમે તેટલી મુશ્કેલી આવે પણ નિયમનું પાલન શુરવીરતાથી કરે તે જ સાચો ભક્ત ગણાય. અને આવા શુરવીર અને નિષ્ઠાવાન ભક્તની જ ભગવાન સહાય કરે છે. અને આવા ભક્તો જ ભગવાનને પ્રિય પણ છે.

આમ, બાર-બાર ઉપવાસ થયા ત્યારે ઘનશ્યામ મહારાજે મોટાભાઈને પૂછ્યું કે મોટાભાઈ ! તમે આવું કઠીન નિયમ શા માટે લીધું છે ? ત્યારે મોટાભાઈએ કહ્યું કે મને બીજી કોઈ ઈચ્છા નથી પણ પ્રત્યક્ષ સૂર્યનારાયણનાં દર્શનની ઈચ્છા થાય છે ખરી. મનની વાત પ્રભુ ચરણે રજુ કરી ત્યાં તો ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી પ્રત્યક્ષ સૂર્યનારાયણ રથમાં બેસીને ધર્મદેવનાં આંગણામાં ઉભા રહ્યા. મોટાભાઈને મનમાં થોડી મુંઝવણ થઈ કે સૂર્યનારાયણનો પ્રકાશ તો ઘણો બધો હોય ને આમનો પ્રકાશ કેમ જણાતો નથી ?? મોટાભાઈના મનની વાત જાણી જઈને સૂર્યનારાયણે પોતાનો આંશિક પ્રકાશ બતાવ્યો તો અપરંપાર પ્રકાશ પ્રકાશ થઈ ગયો. પછી મોટાભાઈએ સૂર્યનારાયણની પૂજા-પ્રાર્થના કરી. ત્યારે સૂર્યદેવે કહ્યું કે મોટાભાઈ ! અમે અને બીજા બધા દેવો આ તમારા ભાઈ ઘનશ્યામ પ્રભુની ઉપાસના કરીએ છીએ. એમની આજ્ઞા પાળીએ છીએ. તો તમે પણ એમની ઉપાસના કરો, તેમ કહીને સાક્ષાત્ સૂર્યનારાયણે ઘનશ્યામ મહારાજની પૂજા કરી.

પછી સુવાસીની ભાભીએ ગોમતી ગાયનું દૂધ લાવીને સૂર્યદેવને આપ્યું. સૂર્યદેવે પ્રસન્ન થઈને દૂધ પીધું ને પછી રથમાં બેસી ભગવાનની આજ્ઞા લઈને અદ્દશ્ય થઈ ગયા. આકાશમાં મધ્યાહ્ન જેવો સૂર્યપ્રકાશ દેખાયો. પછી માતાજીએ રસોઈ કરીને મોટાભાઈને જમાડ્યા. ત્યારે બાર દિવસના ઉપવાસની પૂર્ણાહુતિ થઈ.

મિત્રો ! જોયું ને ! મોટાભાઈની કેવી અડગ ટેક ! બાર ઉપવાસ થયા છતાં પણ પોતે લીધેલા નિયમમાં ફેરફાર ન કર્યો. તો તમારે પણ જો ઘનશ્યામ મહારાજની પ્રસન્નતા જોઈતી હોય તો ઘનશ્યામ મહારાજે શિક્ષાપત્રીના શ્લોક ૭૬, ૭૭ અને ૭૮ માં આઠ નિયમો બતાવ્યા છે. એ આઠ નિયમમાંથી જો કોઈ પણ એક નિયમ રાખશો તો મોટાભાઈના જેવી મુશ્કેલી નહી થાય. અને ઘનશ્યામ મહારાજ રાજી થશે.

●

**ધૈર્યવાન બનો**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ઘણા બધા સદ્‌ગુણોમાં સૌથી મોટો સદ્‌ગુણ હોય તો તે છે ધૈર્ય અને જો કઠણમાં કઠણ સદ્‌ગુણ હોય તો તે પણ ધૈર્ય છે. ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ ધૈર્ય ગુમાવે નહિ તેને કહેવાય ધૈર્યવાન અને એવાં અનેકાનેક વિપરીત કારણો પ્રસંગો બને છતાં ધૈર્ય રાખે તેને કહેવાય અતિ ધૈર્યવાન અને માટે જ શતાનંદ સ્વામીએ મહારાજનું એક નામ રાખ્યું ''અતિ ધૈર્યવત્તે નમઃ''

શ્રીહરિ સાથે અમદાવાદમાં પેશ્વાએ એવો દગો કર્યો કે ભલભલાને પોતાની ધીરજનું તળિયુ દેખાય. હાથ જોડીને નમસ્કાર કરીને પ્રભુને પોતાને ત્યાં પધારવા વિનંતી કરી. ''નમન નમન મેં ફેર હૈ બહોત નમન નાદાન.'' દગાખોર માણસને નમતા આવડે. લુચ્ચો માણસ વધારે પગે લાગે. સીધો સાદો ખાલી હાથ જોડીને ચલાવી લે. સ્વામિનારાયણ ભગવાન ભદ્રની કચેરીએ પધરામણીએ પધાર્યા. ત્યારે બોલ્યો કૃપા કરી આપ એકલા જ અંદર પધારો. અંદર કચેરી (ઓફિસ) હોવાથી આ બધા ભક્તોની ભીડ ત્યાં શોભે નહિ. સંતો ભક્તોની ઈચ્છા નહોતી. છતાં પ્રભુની આજ્ઞાથી બહાર ઉભા રહ્યા. દેવાનંદ દંડી નામના એક સંત હઠાગ્રહથી મહારાજની સાથે અંદર ગયા. અંદર મોટા ટાંકા ઉપર ગાદી તકિયો ગોઠવી કાવત્રું ગોઠવ્યું હતું. પ્રભુને ત્યાં બેસવા વિનંતી કરી. સર્વાન્તર્યામી શ્રીહરિએ કહ્યું, સુબાજી, એ આસન તો તમારા માટે છે આવું રાજ્યાસન અમારા માટે ન હોય. આવાં આસનો તમારા માટે જ યોગ્ય છે. ભગવાનનો કહેવાનો ગર્ભિત અર્થ એ હતો કે જો સારે રસ્તે નહિ ચાલો, નીતિ અને સત્યનું પાલન નહિં કરો, ભગવાનની ભક્તિ નહિં કરો, તો પછી આવા નરક કુંડ સમાં ટાંકા તમારા માટે છે જ. ત્યારે સુબાએ કહ્યું. પ્રભુ ! થોડીવાર બિરાજી પવિત્ર કરી આપો. હા, કંઈ વાંધો નહિ. તમારો ભાવ છે તો સ્પર્શથી પવિત્ર કરી આપશું. પ્રભુના હાથમાં સોટી હતી. તે ગાદી ઉપર દબાવી એટલે દબ દઈને ગાદીને તકિયો ટાંકામાં પડ્યો. ભયંકર ઉંડું ટાંકુ હતું. પેશ્વાનું કપટ ખુલ્લું પડી ગયું. તેના મોઢાં ઉપર શાહી ઢળી ગઈ. પરંતુ અતિ ધૈર્યવાન એવા ઈષ્ટદેવ શ્રીહરિ એ ધૈર્ય ગુમાવ્યું નથી. વિચાર કરજો. એ વખતે કોઈ સામાન્ય માનવી હોય તો શું દશા થાય ? મહારાજના મુખ ઉપર ક્રોધની એક રેખા પણ ન ખેંચાઈ. માટે પ્રભુનું નામ છે અતિ ધૈર્યવાન એ ખરેખર યોગ્ય જ છે. પ્રભુ તો કાંઈ ન બોલ્યા પણ એમની સાથે એક સંત હતા. દેવાનંદ દંડી એ આ જોઈ ન શક્યા. ગુસ્સાથી લાલ પીળા થઈ ગયા. દંડ ઉછાળવા માંડ્યા. મહારાજે એમનો હાથ પકડી રાખ્યો. શાંત રહો. ગરમ ન થશો. શ્રીજી મહારાજે હસતા હસતાં પેશ્વાને કહ્યું કંઈક તો ભગવાનનો ડર રાખો. આટલું કહી પેશ્વાને કશું વઢ્યા વગર, ઠપકો આપ્યા વગર ચાલ્યા. તો પાછળથી પેશ્વાએ માણસ મોકલીને કહેવરાવ્યું. સ્વામિનારાયણ ભગવાનને જાણ થાય કે અમારા શહેરમાં બીજીવાર આવશો નહિ. તમારે અમદાવાદમાં નહિ આવવાનું સંદેશો લાવનાર માણસને મહારાજે કહ્યું. તું પૂછી આવ, ક્યાં સુધી ન આવીએ ? પેશ્વાએ જવાબ મોકલ્યો, અહીં અમારું રાજ્ય હોય ત્યાં સુધી નહીં આવવાનું ! હરિભક્તો બધા ઉદાસ થઈ ગયા. મહારાજે કહ્યું શાંતિ રાખો.

''સંત સંતાપે જાત હૈ, રાજ કુળ ઔર વંશ,
તુલસી તીનું ના રહા, રાવણ, કૌરવ, કંસ.''

આનું રાજ્ય ક્યાં સુધી ટકશે ? થોડા સમય પછી સુબાનું રાજ્ય ગયું. આપણો પ્રસંગ એ છે કે આવા વિપરીત સંજોગોમાં ધૈર્ય ગુમાવે નહિ તે અતિ ધૈર્યવાન કહેવાય.

માટે જીવનમાં ભગવાન જેવા ધૈર્યવાન તો આપણે ન થવાય પણ થોડુ ધૈર્ય કેળવતાં શીખશો તો પરમ શાંતિની પ્રાપ્તિ થશે અને ભગવાન પણ ધૈર્યવાનની જ સહાય કરે છે માટે સુખી થવું હોય તો ધીરજદારી બનતા શીખો.

(''શ્રી જનમંગળ કથા ભાષ્યના આધારે.'')

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**સત્સંગમાં સાચો ખપ હોય છે તે ચેતી જાય છે**
સંકલન : કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

પરમાત્મા કૃપા કરીને જીવાત્માને મનુષ્ય શરીર આપે છે. ત્યારે મનુષ્ય જીવનનો મુખ્ય હેતુ શું છે ? તો પરમાત્માની પ્રાપ્તિ એ જ મનુષ્ય જીવનનો મુખ્ય હેતુ છે. અને વર્તમાનમાં તમારૂ ઉદ્‌ભવસ્થાન શું છે ? તો તમારું ઘર છે. તમે જ્યારે કોઈ પણ જગ્યાએ યાત્રા કરવા કે ક્યાંય પણ જાઓ છો. ત્યારે ત્યાંથી જ્યારે ઘેર પાછા આવો છો, ત્યારે તમને શાંતિ મળે છે. તો મનુષ્યનું ઉદ્‌ભવ સ્થાન શું છે ? મનુષ્યની ઉત્પત્તિ શેમાંથી થઈ છે ? તો મનુષ્યની ઉત્પત્તિ પરમાત્માંથી થઈ છે. તો માણસ જ્યારે પરમ તત્વ પરમાત્માને પામી જાય છે ત્યારે જ તેને સાચી શાંતિ મળે છે. જેમ કોઈ એક પાણીનું બુંદ હોય છે. તો તે પાણીનું બુંદ સમુદ્રમાં સમાઈ જાય છે. અને જ્યારે ગરમી ખૂબ પડે છે. ત્યારે તે વરાળરૂપે થઈ વાદળા બની જાય છે. અને આ પૃથ્વી પર વરસે છે. અને ફરી પાછું તે જળરૂપે સમુદ્રમાં મળી જાય છે. ત્યારે તેની યાત્રા પૂરી થાય છે. તેમ માણસની યાત્રા પણ પરમાત્માને પામે છે. ત્યારે તેની યાત્રા સફળ થાય છે. અને તેને પૂર્ણત્વની અને પરમસુખની પ્રાપ્તિ થાય છે. તો પરમાત્માની પ્રાપ્તિ માટે શું જોઈએ ? તો પરમાત્માની પ્રાપ્તિ માટે જીવનમાં અનન્ય ભક્તિ જોઈએ. તો અનન્ય ભક્તિ એટલે શું ? તો અનન્ય ભક્તિ એટલે એક જ સ્વરૂપની ભક્તિ. જેમ ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રના બિંદુ સિવાય અન્ય કોઈ જળ ગ્રહણ કરતા નથી તેમ માણસે પણ એકજ સ્વરૂપમાં નિષ્ઠા રાખી અનન્ય ભક્તિ કરવી જોઈએ. પરંતુ બધા મનુષ્યો આ દુનિયામાં આવ્યા પછી તેવું નથી કરી શકતા. કેમ કે આ દુનિયામાં જેવું જુએ છે. તેમાં લોભ-લાલચમાં ફસાઈ જાય છે. પરંતુ ભગવાનના જે સાચા ભક્તો છે. જેને સાચો ખપ છે. તે પરમાત્માને પામી જાય છે. તેના અનુસંધાનમાં એક દૃષ્ટાંત છે. એક મોટો વેપારી પોતાના કાફલા સાથે એક જગ્યાએથી બીજી જગ્યાએ ચાલતો જતો હોય છે. તો રસ્તામાં તેમને રાત વાસો કરવો હોય છે. તો એક જગ્યાના માલિકને પૂછે છે. તો તે જગ્યાનો માલિક રાતવાસો કરવા માટે હા પાડે છે. વેપારી ત્યાં રોકાય છે. તેના કાફલામાં સો ઊંટો હોય છે. તે બધા ઊંટોને ખાડો ખોદી તેમાં ખૂંટ ખોડી અને દોરીથી બાંધે છે. તો એક દોરી અને ખૂંટ ખૂટે છે. તેથી તે જગ્યાના માલિક પાસે જાય છે અને વાત કરે છે કે મારા નવાણું ઊંટો તો બંધાઈ ગયા છે પણ એક ખૂંટ અને દોરી રસ્તામાં ક્યાંક ખોવાઈ ગયા છે તો આપની પાસે હોય તો મને આપો. તો તે જગ્યાનો માલિક કહે છે કે મારી પાસે ખુંટ-દોરી તો નથી. પરંતુ એક ઉપાય છે. તમે બધા ઊંટને જે રીતે બાંધ્યા તેવી જ રીતે પ્રયોગ કરી આ ઊંટને પણ બાંધી દો. જો તમારૂં કામ થઈ જાય તો ઠીક છે. તો વેપારી ખૂંટ-દોરી ન હોવા છતાં ખાલી ખાલી ઊંટને બાંધવાની એકશન કરે છે. તો ઊંટ માની લે છે કે પોતે બંધાઈ ગયો છે. અને બાજુમાં બધા ઊંટોને ઉંઘેલા જોઈને પોતે પણ ઉંઘી જાય છે. અને પછી સવાર પડે છે. ત્યારે બધા ઊંટને છોડે છે. અને આ ઊંટને એમ જ ઉભો કરવાનો પ્રયત્ન કરે છે. તો આ ઊંટ ઉભો થતો જ નથી તેથી વેપારી જગ્યાના માલિકને વાત કરે છે. તો જગ્યાનો માલિક કહે છે કે આપે રાત્રે જેવી બાંધવાની એકશન કરેલી એવી અત્યારે છોડવાની એકશન કરો. જેથી તે વેપારી એ ખોટી એકશન કરી તેને છોડે છે. તો આ ઊંટ પણ બધા ઊંટની સાથે ચાલવા લાગે છે. તો ઊંટ જેમ ભ્રમથી હું બંધાઈ ગયો છું તેમ માનીને સૂઈ ગયો અને ભ્રમથી હું છૂટી ગયો છું તેમ માનીને ચાલવા લાગે છે. તેમ માણસ પણ દુનિયામાં અજ્ઞાન વશ બધી વ્યક્તિઓ જેમ કરે છે તેમ નાશવંત વસ્તુઓને શાશ્વત માનીને તેની પાછળ દોડવા લાગે છે. એટલે વિષયોનું આકર્ષણ જીવને તેનું શિવત્વ ભૂલાવી દે છે અને જીવ અજ્ઞાનતાના ઓથારે વિષયોમાં જ રચ્યો-પચ્યો રહે છે. અને ભ્રાંતિના સુખને સાચું માની બેસે છે. ભ્રાંતિનું સુખ એટલે હું જે કરૂં છું તે બરાબર છે તેમ મનાઈ જાય છે. તે ભ્રાંતિનું સુખ છે. પરંતુ ઊંટ તો પશુ છે. અને માણસ તો મનુષ્ય છે. જેથી પરમાત્માને ઓળખવા માટે મનુષ્યને ઘણી બધી શક્તિઓ પરમાત્મા તરફથી મળેલી છે. તો માણસ તેનો ઉપયોગ કરી ભ્રમ અને માન્યતાને છોડી, અંત-શત્રુઓરૂપી કચરો દૂર કરી પોતાની અંદર રહેલા શાશ્વત આત્માને ઓળખવાનો પ્રયત્ન કરે તો અનુભવથી જરૂર પરમાત્માને ઓળખી શકે છે અને પામી શકે છે. જેમ રોગી માણસને રોગનો ખ્યાલ ન આવે અને દવા ન કરાવે તો રોગ દૂર થતો નથી તેમ અજ્ઞાન દૂર નહિ થાય, અંતઃકરણ શુધ્ધ નહિ થાય ત્યાં સુધી જ્ઞાનરૂપી પ્રકાશ થતો નથી. અને માણસ સંસારના મોહમાં ફસાઈ જાય છે. અને જે સાવચેત હોય છે. જેને સાચો ખપ હોય છે. તે ચેતી જાય છે. જેમ દૂધમાં તમે પાણી ઉમેરો તો ખબર નથી પડતી પરંતુ તે જ દૂધમાંથી દહીં અને દહીંમાંથી માખણ બની જાય અને પછી તે માખણને પાણીમાં મેળવવાની કોશીષ કરશો તો આવુ ક્યારેય નહીં બને. તેમ જેના જીવનમાં ભક્તિ અને સત્સંગ ભળેલા છે તેવા પરમાત્માના સાચા ભક્તો સંસારમાં રહે છે તો પણ માખણની જેમ અલિપ્ત રહે છે. અને સત્સંગનો સાચો ખપ રાખી ભવસાગર તરી જાય છે. અને અંતમાં આપ સૌ પ્રબોધિની એકાદશીની જાગરણ સત્સંગ-સભામાં આવ્યા છો. અને આખી રાત જાગરણ કર્યું છે. તો આપ સૌ પણ સાચો ખપ રાખી સત્સંગ કરો તેવી શ્રી નરનારાયણદેવ આપ સૌને

શક્તિ આપે તેવી શ્રી નરનારાયણદેવના ચરણ-કમળમાં પ્રાર્થના.

●

**ઘરમા કાશી ઘરમાં મથુરા**
- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી શ્લોક ૧૩૯ માં લખ્યું છે જે ''અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવંત પર્યંત પોતાના સામાર્થ્ય પ્રમાણે કરવી. શ્રીસ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે પોતાના માતા પિતાની સેવા તેમજ ગુરુની સેવા તન, મન અને ધનથી યથાવિધિએ કરવી. માતા પિતાની સેવા જેવી બીજી કોઈપણ સેવા શાસ્ત્રોમાં ઉત્તમ સેવા લખી નથી. માટે માતા પિતાની સેવા અવશ્ય કરવી.

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે કે પ્રથમ તમારા માતા-પિતાની સેવા કરો અને પછી અમારી સેવા કરો. માતા પિતાની સેવા એજ અડસઠ તીર્થ છે. એક સંતે ભજનમાં લખ્યું છે કે,

''ઘરમાં કાશી ઘરમાં મથુરા, ઘરમાં છે ગોકળીયું ગામ
માતા પિતાને દુભવશો તો, નહિ આવે તીર્થ કામ,
ભાઈ મારે નથી જાવું તીર્થધામ.''

માતા પિતાની સેવા એજ તીર્થધામરૂપ છે. માતા પિતા એજ કાશી મથુરા છે. માતા-પિતાને દુભવીને છપૈયા, હરિદ્વાર, અયોધ્યા, કાશી, મથુરા આદિએ જાઓ એ બધુંય નકામું જ છે. જ્યાં સુધી મેઈન સ્વીચમાંથી છેડો છટકેલ હશે, ત્યાં સુધી ગમે તેવો વાયરમેન હશે તો પણ લાઈટ ચાલુ થવાની નથી. માટે મેઈન સ્વીચને બરાબર રાખશો તોજ લાઈટ ચાલુ થશે. તેમ માતા પિતાની સેવા કરશો તોજ તીર્થધામનું ફળ મળશે. ઘનશ્યામ મહારાજે પણ પોતાના માતા પિતાની સેવા કરી બતાવી છે. અને શ્રવણે પણ અંધ માતા પિતાની સેવા કરી છે અને પુંડલીકે પણ પોતાના માતા પિતાની સેવા કરી છે. જેના નામો શાસ્ત્રોમાં લખાઈ ગયા છે.

એક વખત પંઢર પુરથી સંઘ યાત્રા કરવા નીકળ્યો. તેની સાથે પુંડલીક પણ યાત્રાએ નીકળ્યો. સંઘ જ્યારે કાશીએ પહોંચ્યો ત્યારે સંઘના સર્વ મનુષ્યોએ ગંગાજીમાં સ્નાન કર્યું. ત્યારે ગંગાજી મૂર્તિમાન આવીને કહે કે તમો સર્વે યાત્રામાં નીકળ્યા છો. પણ યાત્રાનું ફળ તમને મળશે નહિ. ત્યારે સર્વે યાત્રાળુએ કહ્યું કે કેમ નહિ મળે ? ત્યારે ગંગાજીએ કહ્યું કે, તમારી સાથે જે પુંડલીક નામનો માણસ છે તેને માતા પિતાની સેવા કરી નથી. એટલે એના થકી તમારી યાત્રા સફળ નહી થાય. માટે એને સંઘમાંથી કાઢી મૂકો તો તમારી યાત્રા સફળ થશે. આ બધી વાતો પુંડરીકે સાંભળી. પછી સંઘના સર્વે માણસોએ મળીને પુંડલીકને સંઘમાંથી કાઢી મૂક્યો એટલે પુંડલીક સીધો ઘેર આવ્યો. અને માતા પિતાની ખૂબ સેવા કરવા લાગ્યો.

ખૂબ સેવા કરવાથી ભગવાનને પણ એમ થયું કે પુંડલીક માતા પિતાની સેવા બહુજ કરે છે. જેથી એને દર્શન આપવા જઈએ. પછી ભગવાન વિઠ્ઠબા પુંડલીકને ઘેર પધાર્યા. ત્યારે પુંડલીકના ઘરનું બારણું બંધ હતું. પુંડલીક તે વખેત માતા પિતાની સ્નાન વિધિ કરાવતો હતો. બારણું બંધ હોવાને કારણે ભગવાને પુંડલીકને બૂમો પાડી. પુંડલીક ઓ પુંડલીક બારણું ખોલો, બારણું ખોલો. પુંડલીક માતા પિતાની સેવા કરતો હતો. એટલે બારણું ખોલવા ન ગયો. એટલે ભગવાને જોરથી બૂમો પાડી એટલે પુંડીલકે ખિજાઈને બારણું ખોલ્યું ને બાજુમાં ઈંટ પડી હતી તે ફેંકી ને કહ્યું આના પર બેસો. ભગવાનનો સ્પર્શ થતાં ઈંટ હતી તે સોનાની બની ગઈ. આમ પોતાના માતા પિતાની સેવા કરવાથી ભગવાનના દર્શન થયા.

પછી સોનાની ઈંટ તથા ભગવાનને પોતાના ઘરમાં લઈ આવ્યા. અને ઈંટ જમીન પર રાખી અને પ્રભુને ઈંટ ઉપર ઉભા રાખ્યા. અને ભગવાનને કહ્યું કે મારા માતા પિતાની સ્નાન કરાવાની સેવા કરી લઉં ત્યાં સુધી ઈંટ ઉપર ઉભા રહો. પછી પુંડલીક પોતાના માતા પિતાને સ્નાન વિધિ કરાવીને ભગવાન પાસે આવ્યો અને પ્રભુને પૂછ્યું કે કેમ પ્રભુ, આપ મારી ઝુંપડીમાં પધાર્યા । ત્યારે ભગવાને કહ્યું કે તારી આ માતા પિતાની સેવા રૂપી ભક્તિ જોઈને તમને દર્શન દેવા પધાર્યા છીએ. હે પુંડલીક, તારા ઉપર હું ખૂબજ રાજી થયો છું. માટે તારે જે જોઈએ તે માગ. ત્યારે પુંડલીકે કહ્યું કે હે મહારાજ, તમો મારા ઉપર રાજી થયા હો તો મને આવાને આવા હમેંશા દર્શન આપો. પછી ત્યાં જ મંદિર બનાવ્યું. અને એજ ઈંટ ઉપર વિઠ્ઠબા ભગવાનની મૂર્તિ પધરાવી. આજે પણ એજ સ્વરૂપે ભગવાન બિરાજે છે. ઉભા છે.

વ્હાલા વાંચકો જુઓ તો ખરા આ માતા પિતાની સેવાનો પ્રભાવ ! પુત્ર જ્યારથી જન્મ્યો ત્યારથી માતા પિતાનો ખોળો મૂકે નહિ અને પછી ઘરમાં લાલ ઝંડી ફરકી એટલે લગ્ન થયા એટલે માતા પિતાને મૂકી દીધા, માતા પિતા ખરાબ થયા અને લાલ ઝંડી સારી થઈ ગઈ. લાલ ઝંડી એ તો મોટા મોટા ઋષિઓનાં પણ પતન કરી નાખ્યા છે. આપણે પણ એને આશરે રહેશું તો આપણું પણ પતન થઈ જશે. માટે માતા પિતાને છોડશો નહિ. માતા પિતાની સેવા કરશો તોજ આ લોકમાં અને પરલોકમાં સુખી થશો. એટલે એક સંતે ભજનમાં લખ્યું છે કે, ભૂલો ભલે બીજુ બધું, મા-બાપને ભૂલશો નહિ. અગણિત છે ઉપકાર એના એહ વિસરશો નહિ. માટે માતા પિતાની સેવા કરી તેઓશ્રીના શુભ આશીર્વાદ મેળવી લેવાનું ભૂલશો નહિ.

●

**સંત સમાગમ કરીને સાચા ભક્ત થઈએ**
- સાંખ્યયોગી ગીતાબા તથા આનંદીબા (વિરમગામ)

ભગવાનને પામવાનો સરળ અને સચોટ ઉપાય ક્યો ? તો શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં સ્વમુખવાણી જે વચનામૃત ગ્રંથ તેના છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં બતાવ્યો છે. કે

સર્વે સાધનના ફળરૂપ તો આ સત્સંગ છે. તે શ્રી કૃષ્ણ ભગવાને ઉધ્ધવ પ્રત્યે એકાદશ સ્કંધમાં કહ્યું છે કે જે અષ્ટાંગ યોગ તથા સાંખ્ય વિચાર તથા શાસ્ત્રપઠન તથા તપ, ત્યાગ, યજ્ઞ અને વ્રતાદિકે કરીને હું વશ થાતો નથી. જેવો સત્સંગે કરીને વશ થાઉં છું. માટે અમને તો એમ ભાસે છે જે પૂર્વ જન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરૂષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરૂષને યોગે કરીને જ થાય છે. માટે સર્વે સાધન કરતાં સત્સંગ તે અધિક થયો.

જેમ આપણી પાસે કોઈ વાહન હોય અને તેમાં કચરો ભરાય અને રસ્તામાં અટકી પડે ત્યારે તેને સર્વિસ સ્ટેશન લઈ જવું પડે છે અને ત્યાં સર્વિસ કરાવવી પડે છે. તેવી જ રીતે સત્સંગ એ હૃદયનું સર્વિસ સ્ટેશન છે. જ્યાં સત્સંગ થતો હોય ત્યાં જઈને આપણે બેસીએ તો આપણું હૃદય નિર્મળ થાય અને હૃદયમાં ભગવાનનો આવિર્ભાવ થાય.

રામકૃષ્ણ પરમહંસે તેમના ગુરુને પ્રશ્ન પૂછ્યો હતો કે આપ તો બ્રહ્મજ્ઞાની હોવા છતાં નિત્ય ભજન, ધ્યાન, સત્સંગ શા માટે કરો છો ? ત્યારે તેમણે પોતાનો પાણી પીવાનો લોટો બતાવીને કહ્યું કે આ ચકચકિત છે. કારણ કે આને હું નિયમિત સાફ કરું છું. પણ એમ ન કરું તો ? તો જોવો પણ ન ગમે તેવો થઈ જાય. તેમ માનવનું મન પણ તેવું જ છે. માટે નિત્ય સત્સંગ કરીએ તો જ આપણું મન ઉજળું રહે. કપાળમાં ટીલું ને સત્સંગમાં ઢીલું એવો સત્સંગ આપણને ઠેઠ અક્ષરધામમાં ન પહોંચાડે. માટે આપણે સૌએ તપાસ કરતા રહેવું જોઈએ કે આપણે શું કરવા આવ્યા છીએ અને શું થાય છે ? અને એ તો સંતોનો સમાગમ કરવાથી જ આપણને ખબર પડે છે કે આપણે સત્સંગમાં આવીને કેટલા વધ્યા કે ઘટ્યા ? આપણા સંપ્રદાયમાં ઘણા ભક્તોના આખ્યાનો પણ છે.

ગામ ખોરાસામાં આહિર કુળમાં રાજાભાઈનો જન્મ થયો હતો. રાજાભાઈની સંતો પ્રત્યેની આત્મીયતાને ભગવાનને પામવા માટે એક જ પ્રસંગથી ઘર, બાળ બચ્ચાંને ખેતરવાડી સર્વેનો ત્યાગ કર્યો. સંતોનો ખરો રાજીપો એજ એની ખરી કમાણી હતી. સંતોને અર્થે એનું સર્વસ્વ જીવન કુરબાન કર્યું.

ખોરાસામાં એકવાર સંતો પધાર્યા. રાજાભાઈને આનંદનો પાર ન રહ્યો. આહા ! સંતોને અર્થે શું સેવા કરૂં ? આ બધું તેની પત્નીને ન ગમે છતાં પણ દર વખતે સીધા-પાણીને ઉતારાની વ્યવસ્થા ગમે તેમ કરીને કરે. પણ આ વખતે કંઈ કામથી બહાર ગયેલા. ઘરે આવતાં તેમણે ચોરામાં સંતોના દર્શન કર્યા ને જાણ્યું કે સંતોના થાળની વ્યવસ્થા માટે પત્નીએ ના કહી તેથી પ્રીતમ શેઠને ઘેરથી સીધું આવ્યું છે.

અને વળી વિશેષમાં રાજાભાઈએ જાણ્યું કે મારા સંતો પ્રત્યે કટુ વચન બોલી, 'હું કંઈ નવરી નથી. વર્ષો વર્ષ હાલ્યા આવે છે. આ એક જ ખોરડું ભાળી ગયા છે.' આ વાતની જાણ થતાં રાજાભાઈને ઘણું દુઃખ થયું. અને બોલ્યા કે મારું જીવન શ્રીહરિ અને સંતોની સેવા માટે છે. એમ છતાંય મારી પત્નીથી આટલું ન થયું. મહારાજે મારી માટે તેમની ભક્તિ કરવાનું અને અહોર્નિશ ભગવાનની તથા સંતોની સેવા થાય તેનું આ એક નિમિત્ત બનાવ્યું છે. બસ આજથી સંસાર હરામ.

''હૈયે એક જ વાત, ભજવા છે ભગવાન.''

''સર્વસ્વ હરિ કાજ, લઈ પોતાનો સાજ.''

રાજાભાઈને ભગવાનને પામવા માટે એવી તાલાવેલી લાગી છે કે ક્યારે આ સંસારમાંથી મુક્ત થવું ને શ્રીજી મહારાજની તથા સંતોની સેવા કરી તેમનો રાજીપો મેળવી લઉં.

વળી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે,

''કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારી લેવો.''

આવા શ્રીજી મહારાજના તથા સંતના દર્શન તથા એવો લાભ જે ભવ બ્રહ્માને પણ દુર્લભ છે. જે મને પ્રાપ્ત થયો છે. જેને એવો ખપ હોય તેને મહારાજ સંસારમાંથી છુટા થવાય તેવું નિમિત્ત ઘડી આપે છે.

પછી રાજાભાઈએ એક યુક્તિ કરી. રાજાભાઈના સાળા માંદા થયા એવો ખોટો કાગળ ગોરભા પાસે લખાવ્યો. ગોરભા કાગળ લઈને આવે છે. અને વાંચી સંભળાવે છે. રાજાભાઈના પત્ની ઘરમાં સાંભળે છે. સાંભળતાવેંત રડવા લાગ્યા. બસ આ મમત્વ સાધુ પીટ્યા અને સંબંધી તો મારા.

પત્ની બંને છોકરાને લઈને પીયર ચાલ્યા. ભાઈની ખબર કાઢવા. અહીંયા રાજાભાઈને જોઈતું મળી ગયું. ખેતર ઢોર-ઢાંખર જોઈએ તેટલું રાખ્યું ને બાકીનું વેચી દીધું. ઘરેણાં તથા રોકડ નાણાનું વાળ્યું પોટલું ને ચાલ્યા સાધુ થવા.

ગઢપુર આવ્યા. મહારાજ સભા કરીને બેઠા છે. મહારાજના ચરણમાં પોટલું મેલ્યું. દંડવત પ્રણામ કરીને મહારાજ સામે હાથ જોડીને બેઠા. મહારાજ કહે 'કેમ રાજાભાઈ ?' 'મહારાજ સાધુ થાવા આવ્યો છું.' અને આપના દાસનો દાસ થઈને સેવા કરવા ઈચ્છું છું.' મહારાજ કહે, 'કેમ એમ ?' 'બસ મહારાજ, જે કોઈ મારા સંત તથા ભગવાનની આડા આવે તેની સાથે મારે નો ભડે મહારાજ. ગામમાં સંતો પધાર્યા. મારી પત્નીએ સીધાની ના પાડી દીધી એટલે મને હવે ત્યાં નહીં ફાવે.'

મહારાજ કહે, 'રાજાભાઈ એ તો સંસાર છે. ચાલ્યા કરે. એમ સંસારનો ત્યાગ ન કરાય. ફરીવાર આવે ત્યારે સીધું આપશે.' અને રાજાભાઈ તમને ખબર છે ? તમે આવી રીતે સાધુ થાવ તો જગત અમને તથા સંતોને પણ વગોવશે. રાજાભાઈ કહે, 'મહારાજ, તમને તથા સાધુને વગોવે એવું નથી કર્યું. સુખેથી તેનું ગુજરાન ચાલે તેમ છે.' મહારાજ કહે છે, 'આ ઘોર કળિકાળમાં તમારા જેવા ત્યાગની ખુમારી તથા ભગવાન પ્રત્યેની ભાવના તથા સમજણ દુર્લભ છે. બોલો હવે શું ઈચ્છા છે ? સાધુ થવું છે કે અમે કહીએ તેમ કરવું છે ? 'મહારાજ, આપ જેમ કહો તેમ કરવું છે.'

'રાજાભાઈ અમે કહીએ તે સહેલું નહીં હોય હો ?

'મહારાજ જેમ કહો એમ.' 'તો રાજાભાઈ, અમારી એવી ઈચ્છા કે અગતરાયના પર્વતભાઈની ખેતીવાડી આપ ત્યાં જઈને કરો. કારણ પર્વતભાઈ મહામુક્ત છે. તે ખેતીવાડીમાં જરાય ધ્યાન દેતા નથી. અને વળી તેમને છોકરા નાના છે. રાજાભાઈને મહારાજની આજ્ઞા શિરોમાન્ય તે તો તરત ચાલવા તૈયાર થયા. મહારાજ કહે, 'રાજાભાઈ, અગતરાય તથા ખોરાસા નજીક-નજીક છે. તો તમને સગા-વહાલા હેરાન કરશે. 'મહારાજ, આપના આશીર્વાદથી એ બધાયને હું પુગી વળીશ.'

રાજાભાઈ મહારાજને પગે લાગીને ચાલ્યા. અગતરાય આવ્યા. રાજાભાઈ એવી ખેતીવાડી કરે છે કે કોઈ વ્યક્તિ તેના ઘરની પણ આવી કાળજીથી ન કરે. ઉત્સવ, સમૈયા થાય પણ રાજાભાઈ આજ્ઞા એટલે આજ્ઞા. આવી રીતે બાર-બાર વરસના વાણા વાયા છે. એકવાર વડતાલમાં ફુલદોલોત્સવનો સમૈયો. તેમાં પર્વતભાઈ સમૈયામાં આવ્યા છે. પર્વતભાઈ મહારાજના દર્શન કરે છે. અને કહે છે કે 'મહારાજ, રાજાભાઈએ આપને જય સ્વામિનારાયણ કહ્યા છે. મહારાજ કહે, 'હા, પર્વતભાઈ અમે તો રાજાભાઈને ભૂલી જ ગયા. પર્વતભાઈ, બાર-બાર વરસના વાણા વાઈ ગયા. છતાં રાજાભાઈ એ મારા દર્શનની પણ વલોપાત નથી કરી.' મહારાજે કહ્યું, 'હવે આ દીકરો મેઘજી મોટો થયો છે. તો તેને બધું સોંપી દો અને રાજાભાઈને છૂટા કરો. પર્વતભાઈ ઘેર આવે છે અને રાજાભાઈને ગઢડા મોકલે છે. મહારાજ રાજાભાઈને જોઈને સામા ચાલીને આવે છે. અને બાથમાં લઈને ભેટી પડે છે. મહારાજ રાજાભાઈને કહે છે. 'આપની ઉપર અમે બહુ રાજી થયા છીએ. બોલો, આપની શું ઈચ્છા છે ?' રાજાભાઈને તો હૈયે એક જ વાત છે. બોલો, તમને સાધુ કરીએ કે સીધા અક્ષરધામમાં અમારી સેવામાં રાખીએ ?' રાજાભાઈ મહારાજની મરજીની વાત સમજી ગયા કે મહારાજની શું ઈચ્છા છે. રાજાભાઈ હાથ જોડીને કહે છે, 'મહારાજ, મને અક્ષરધામમાં તમારી સેવામાં રાખો. મહારાજ કહે, 'રાજાભાઈ, તો જાવ સંતોની ધરમશાળામાં અમારા ધ્યાનમાં બેસી જાવ. રાજાભાઈ મહારાજના તથા સંત સભાના દર્શન કરીને ધરમશાળામાં આવીને ધ્યાનમાં બેસી જાય છે. તરતજ દિવ્ય સ્વરૂપે મહારાજ મુક્તો સાથે વિમાન લઈને આવે છે. અને રાજાભાઈ આ લોકનો ત્યાગ કરીને ભગવાનના ધામમાં ગયા. આ બાજુ મહારાજ સભામાં વાત કરે છે. આ રાજાભાઈની ત્રણ વાત તો અમને કાયમ યાદ રહી જશે. (૧) સંતોની સેવા માટે સંસાર આડો આવ્યો તો તરત તેનો ત્યાગ કર્યો. (૨) સંસાર છોડી સાધુ થવા આવ્યા ને આજ્ઞા પ્રમાણે પર્વતભાઈની સેવા કરીને દર્શનનો પણ લોભ ન રાખ્યો. (૩) વળી અક્ષરધામમાં લઈ જવાની મરજી જણાવી તેમાં પણ તે ખૂબ રાજી થઈને સ્વીકારી.

મહારાજ કહે, 'રાજાભાઈની અદ્‌ભુત અને દુર્લભ સમજણ છે. આવા ભક્તતો સદાય માર હૈયામાં રહેશે. આમ રાજાભાઈએ સંતોનો તથા મહારાજનો ખૂબ રાજીપો મેળવી લીધો. આપણે પણ સંત સમાગમ કરીને તેવા ભક્ત થઈએ. એજ શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

## અમેરિકામાં સત્સંગ શિબિર - પેજ - ૧૭ નું ચાલુ

ગુજરાતી ભાષામાં ,મૂર્તિ પ્રતિષ્ઠા શ્રીહરિનું પ્રગટપણું, સત્સંગ અને કુસંગ જેવા વિષયો ઉપર ઉપદેશ આપી દરેક યુવાનોને મુંઝવતા પ્રશ્નો અને શંકાઓનું સમાધાન કર્યું હતું.

પરંતુ આ કેમ્પમાં તો બધાને આતુરતા અને પ્રતિક્ષા તો પ્રાણથી પ્યારા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સાંભળવાની હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પ્રભાવશાળી વ્યક્તિત્વ, રમૂજી પણું અને સરળ સ્વભાવથી સૌ યુવાનોએ તેમની સાથે ખૂબજ આત્મીયતા અનુભવી હતી. માત્ર ૧૪ વર્ષના હોવા છતાંય પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પૂજા પધ્ધતિ, શ્રીહરિનો સર્વોપરિ મહિમા, મંદિર પ્રત્યેની ભાવના અને નિષ્કામ ભક્તિની આવશ્યકતા આદિ વિષયો પર ખૂબજ અદ્‌ભુત અને અલૌકિક જ્ઞાન આપ્યું હતું. સભા દરમ્યાન જે ચર્ચાઓ થતી હતી તેમાં પણ રસ પૂર્વક ભાગ લઈ યુવાનોને સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

બપોરના સમયે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતોએ યુવાનો સાથે ક્રિકેટ, વોલીબોલ આદિ રમતો રમી આનંદ કરાવતા હતા.

તેવીજ રીતે પ.પૂ. ગાદીવાળાશ્રીએ, યુવતીઓને એમની સમસ્યામાં માર્ગદર્શન આપી ધર્મની વિશેષ પૃષ્ટિ માટે ઉપાયો બતાવી બહેનોને રાજી કરતા હતા.

કેમ્પના આયોજકોએ સૌને પ્રસાદ વગેરે જમાડવાની વ્યવસ્થામાં ખડે પગે રસોડામાં સેવા કરીને વિવિધ વાનગીઓ બનાવીને ખૂબજ સંતુષ્ટ કર્યા હતા. આમ સતત ૬ દિવસ સુધી બાળ યુવાનોને સત્સંગ, ધર્મકુળ અને સંત સમાગમનો અનેરો આનંદ મળ્યો. આ કેમ્પમાં ઘણા એક બીજાને ઓળખતા ન હતા પણ ૬ દિવસના કેમ્પમાં સૌ નિકટ આવ્યા અને પરિચિત થઈ ગયા. આમ સત્સંગ માટે સૌ એક બીજાના કામ માટે પૂરક બન્યા.

પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતોના આશીર્વાદથી ભાવિ પેઢીના બાળકોને કલ્યાણના માર્ગની પ્રગતિમાં નવું બળ અને જોમ મળ્યું. વિદાય લેવી ગમતી ન હતી. સૌને પોત પોતાના ઘરે પાછા જતા મનમાં એજ વિચાર આવતો હવે આવો બીજો કેમ્પ ક્યારે ?

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ જીવનું લક્ષણ શું છે ?

પ્ર. : ૨ ભટવદરના નાગપાળવરૂ પાપના પહાડ રૂપે હતા. પણ શ્રીજી મહારાજે દાદાખાચરના લગ્ન વખતે કેવો પરચો બતાવ્યો તે નાગપાળવરૂ સત્સંગી થયા ?

પ્ર. : ૩ ''મહારાજ ! અમને કાંઈ સમજાતું નથી આ બાળક (જીવ) નો જન્મ તો થયો છે પણ સાવ માંસના લોચાં જેવું જ છે કાંઈ આકાર જ નથી હવે આપ કહો તેમ કરીએ ?'' ભગવાન શ્રીહરિએ દ્રષ્ટિ માત્રથી એ જીવને સુંદર દીકરીનું રૂપ કરી બતાવ્યું. આ ક્યા ગામમાં કોને ત્યાં થયું હતું ?

પ્ર. : ૪ શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વના જીવને હિત કરનારી આજ્ઞા રૂપી શિક્ષાપત્રીમાં પાંચ દેવને પૂજ્યપણે માનવાની આજ્ઞા કરી છે તો તે પાંચ દેવ ક્યા જેને માનવાના ?

પ્ર. : ૫ લીંબડીના મૂળજી શેઠ અને લીંબલીના સગરામ બન્ને ભક્તો મહારાજના દર્શને નીકળ્યા છે. એકે રૂપિયાથી ખિસ્સું ભર્યું છતાં બીજાએ સદ્‌ભાવથી સ્નેહથી રસ્તામાં ચાલતા ચાલતા ડુંગરાળ વિસ્તારમાં ભૂલા પડ્યા. સાંજ થવાનો સમય હતો. શ્રીજી મહારાજને ચિંતા થઈ કે આગળ લૂંટારાઓની ટોળી ઉભી છે. લાવ મારા ભક્તોની મદદ કરું. પ્રભુ મદદે આવ્યા પણ કેવો વેશ લઈને આવ્યા ?

પ્ર. : ૬ રામ રાજ્યમાં એક બ્રાહ્મણે કૂતરાને લાકડી મારી તે કૂતરો રામ પાસે ફરિયાદ કરવા ગયો. કૂતરાના કહેવા પ્રમાણે રામે તેને શું શિક્ષા કરી ?

પ્ર. : ૭ આ કીર્તનના રચયિતાનું નામ જણાવો - ''કાળ વિકરાળ વેરી શિર ગાજે, ચેતો ચેતો નરનારીજી...''

## જુલાઈ--૨૦૧૧ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) યે પાલયન્તિ મનુજાઃ સચ્છાસ્ત્ર પ્રતિપાદિતાન્ સદા ચારાન્સદા તેઽત્ર, વસ્ત્ર ચ મહાસુખાઃ । (૨) પરમાનંદ સ્વામી. (૩) મધ્યના (પમાં) હોલમાં. (૪) ''રાજાની રાણી અને દીકરો એ બે સાથે મળીને રાજાનું અડધું શરીર બરાબર કાપી આપે.'' (૫) ગઢડા અંત્યનું ૩૫ મું. (૬) પરધર્મનું, પાખંડ ધર્મનું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું. (૭) પ્રેમાનંદ સ્વામી

૧. શા. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)
૨. સાંખ્યયોગી બહેનો (જેતલપુરધામ)
૩. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (ઝુલાસણ, કલોલ)
૪. પટેલ વિનોદ પી. (વહેલાલવાળા)
૫. આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૬. સાં.યો. શિલ્પાબા, શિતલબા, ચંપાબા (હવેલી-અમદાવાદ)
૭. સાં.યો. રંજબના, નાનીબેન (સ્વા. મંદિર ઓઢવ)
૮. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુર)
૯. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૧૦. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૧. પટેલ ગોરધનભાઈ શંકરભાઈ (સોજા)
૧૨. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૧૩. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૪. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૧૫. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૧૬. પટેલ સાકરબેન નટવરલાલ (નાંદોલ)
૧૭. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (રાણીપ)
૧૮. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા કડી)
૧૯. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૦. સાં.યો. મંજુબા, ભારતીબા (હવેલી અમદાવાદ)
૨૧. સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૨. ભાવસાર અરવિંદાબેન એન.
૨૩. પટેલ સવિતાબેન અમૃતભાઈ (લાંઘણજ)
૨૪. વસંતીબા અને શકરીબેન (લાંઘણજ)
૨૫. પટેલ ડહીબેન આત્મારામદાસ (લાંઘણજ)
૨૬. ભાવસાર પલ્લવીબેન વિજયકુમાર (લાંઘણજ)
૨૭. ઘર સભા સમસ્ત બહેનો (લુણાવાડા)
૨૮. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૯. પટેલ કંચનબેન બાબુભાઈ (રતનપર)
૩૦. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૩૧. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૩૨. પટેલ પ્રવિણભાઈ બી. (વડુવાળા-ન્યુજર્સી)
૩૩. પટેલ કોકિલાબેન પી. (વડુવાળા-ન્યુજર્સી)
૩૪. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૩૫. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૩૬. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૩૭. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૩૮. ભાવસાર વિણાબેન આર. (અમદાવાદ)
૩૯. વિઠ્ઠલાપરા અમરશીભાઈ (નવસારી)
૪૦. બૂટીયા રણછોડભાઈ પૂનમવાળા (બળોલ-ભાલ)
૪૧. અમૃતલાલ કે. મોદી (સોજા)

# સત્સંગ સમાચાર

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો આદેશ પર્યાવરણની જાળવણી માટે વૃક્ષો વાવો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક ખાતે તમામ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો અને ગામો ગામના હરિભક્તોને ખાસ આદેશ-આજ્ઞા કરી છે કે આપણા દેશમાં અને ગુજરાત રાજ્યમાં જંગલો દિવસે દિવસે કપાતા જાય છે. જેના કારણે પ્રદુષણ વધુને વધુ ફેલાતુ જાય છે. દેશના એક સારા નાગરિક તરીકે અને શ્રીહરિના આશ્રિત તરીકે દરેક હરિભક્તની ફરજ છે કે પોતાના ગામ-શહેર ખેતરો-વાડી બંગલાઓ મંદિરો અને રહેણાંકના સ્થળો, રસ્તાઓ ઉપર વૃક્ષો વાવો અને તેથી પર્યાવરણને બચાવો. ગામો ગામ અને શહેરોમાં આ ઝુંબેશ ચલાવો. વૃક્ષ કે છોડ વાવ્યા પછી સતત તેનું પાણી-ખાતર આપીને જતન કરો. તેને ઉછેરો. આમ દરેક હરિભક્તને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉપરોક્ત આજ્ઞા કરી છે. તો આપણે સૌ એ આ આજ્ઞાને શિરોધાર્ય માનીને તેનું પાલન કરીએ તેમાંજ સમાજનું અને આપણું શ્રેય છે. (પી.પી. સ્વામી કોટેશ્વર ગુરુકુળ)

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો**

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાની હયાતિમાં પોતાનું મહાન અને પવિત્ર દિવ્ય કુળ ધર્મકુળના પોતાના બે ભાઈઓના પુત્રને દત્તક લઈ બે પીઠ સ્થાન (ગાદી) સ્થાપી, ઉત્તર વિભાગ શ્રીનરનારાયણદેવ દેશ અમદાવાદ અને દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ વડતાલ આમ બન્ને ગાદી પર સંપ્રદાયના આચાર્ય તરીકે પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ અમદાવાદ અને પ.પૂ. રઘુવિરજી મહારાજ વડતાલ, એમ સમસ્ત આશ્રિતોના ધર્મ ગુરુ તરીકે પોતાના સ્થાને સ્વહસ્તે વિધિવત વેદ પરંપરા અનુસાર ગાદી અભિષેક કરી સ્થાપ્યા છે. આચાર્ય મહારાજશ્રી સ્વયં અનંત કોટી બ્રહ્માંડના અધિપતિના અપર સ્વરૂપે આપણને દર્શન અને આશીર્વાદનું સુખ આપી રહ્યા છે.

અષાઢ સુદ ગુરુ પૂર્ણિમાના શુભ દિને અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ભરત ખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ્રસાદીના ભવ્ય સભા મંડપમાં હજારો પૂજનીય સંતો અને દેશ પરદેશના હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું વેદ પરંપરાનુંસાર શાસ્ત્રોક્ત રીતે પંડિતો દ્વારા સ્વસ્તી વાચન કરી પૂજન અર્ચન કર્યું હતું. ત્યારબાદ અમદાવાદ મંદિરના મહંત પૂ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, પૂ. શા.સ્વા. નિર્ગુણદાસજી, પૂજ્ય ધ્યાની સ્વામી, પૂ. દેવ સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) આદિ સંતોએ પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટીના સર્વે સભ્યશ્રીઓ, કારભારીશ્રી અને અગ્રગણ્ય હરિભક્તોએ આરતી પૂજન કરી ભેટ ધરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ વિદ્વાન વક્તા સંતોએ ધર્મકુળના આચાર્યની ગુરુ પરંપરાની વાત વેદ પરંપરાગત શાસ્ત્રોના સચોટ ઉદાહરણ સાથે સૌને સમજાવી હતી. ત્યારબાદ સંતો મહંતોએ પુષ્પહાર પહેરાવી પૂજન અર્ચન કર્યું હતું. પછી તો સતત ૭-૩૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી દર્શન આશીર્વાદ અને ગુરુઋણ અદા કરવા હરિભક્તોની શિસ્ત બધ્ધ કતારો લાગી હતી. દરેકને મન આ સુખથી અધિક સુખ ક્યાંય નથી તેથી ભલે સાંજ પડે પણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કર્યા વગર તો જવાય જ કેમ ? આવા નિષ્ઠાવાળા હરિભક્તો હજારોની સંખ્યામાં શહેર અને ગામો ગામથી લાભ લેવા ઉમટી પડ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ શોભાવ્યું હતું. સમગ્ર પ્રસંગની વ્યવસ્થામાં મહંત સ્વામીની પ્રેરણા મુજબ કોઠારી પાર્ષદ દિગંબર ભગત, જે.પી. સ્વામી, બ્ર. રાજેશ્વરાનંદજી, બળદેવ સ્વામી (ધોલેરા), જે.કે. સ્વામી, યોગી સ્વામી, વિશ્વવિહારી સ્વામી આદિ સંતો રહ્યા હતા. છેલ્લે હજારો હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી વિદાય થયા હતા. અમદાવાદ શહેર અને પરા વિસ્તારના શ્રીનરનારાયણદેવ યુવક મંડળે ખૂબજ નિષ્ઠાપૂર્વક ખડે પગે સેવા બજાવી હતી. (મુનિ સ્વામી)

**પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૪ મો પ્રાક્ટ્યોત્સવ ઉજવાયો**

અષાઢ વદ-૧૦ તા. ૨૫-૭-૨૦૧૧ ના શુભ દિને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૮ માં વંશજ અને શ્રી નરનારાયણદેવ પીઠના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૪ મો પ્રાક્ટ્યોત્સવ શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ધામધૂમથી ઉજવાયો.

સૌ પ્રથમ સભામાં પંડિતો દ્વારા વિધિવત સ્વસ્તી વાચન અને ત્યારબાદ દરેક મંદિરના મહંતશ્રીઓ, ધામોધામથી પધારેલા સંતો તથા સ્કીમ કમિટી સભ્યશ્રીઓ અને કારભારીશ્રી આદિ સૌએ ફૂલહાર કરી શુભેચ્છા પાઠવી હતી.

આપણા મંદિર તરફથી પ્રકાશિત પંચરત્ન શિક્ષાપત્રીનું વિમોચન પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. જેમાં સૌજન્ય સેવા આપણા સંપ્રદાયના મૂધર્ન્ય લેખક અને કથાકાર પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર સેકટર-૨૩ મંદિર) તરફથી મળ્યુ હતું. પૂ. સ્વામીના શિષ્ય શા. હરિપ્રિયદાસજીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રાજીપાનો હાર પહેરાવ્યો હતો. આજે તો ફક્ત વિદ્યાર્થી સંતો અને બાળકોએ જ પોતાનું વક્તવ્ય આપ્યું હતું. જેના સંચાલન રૂપે શા. નારાયણમુનિ સ્વામીએ સૌ પ્રથમ સંચાલન કરીને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ ભક્તોને શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખવા ઉપર દ્રષ્ટાંત સહિત વાત કરીને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

યુવક મંડળ અને નાના મોટા હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી પુષ્પહાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શનથી સુંદર સભાનું સ્ટેજ, સભા મંડપ ને શણગારવામાં આવેલ. તેમજ સંત હરિભક્તો માટે પ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ અને પરા વિસ્તારના શ્રી નરનારાયણદેવ યુવક મંડળે નિષ્ઠાપૂર્વક ખડે પગે સેવા બજાવી હતી. (જે. કે. સ્વામી)

**અમદાવાદ મંદિરમાં ભવ્ય હિંડોળા દર્શન**

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુર ખાતે શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પરંપરાગત હિંડોળાનું સુંદર આયોજન કરી હરિભક્તોને દર્શન કરાવવામાં આવે છે. જેમાં

સૂકામેવા, ફુલ, ચોકલેટ અને જરીના અદ્‌ભુત અને કલાત્મક ડિઝાઈન બનાવીને રોજ સાંજે ૫-૩૦ થી હિંડોળા દર્શન કરાવવામાં આવે છે. આ કપરી પણ નિષ્ઠા અને ભાવના પૂર્ણ સેવામાં પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી કોઠારી પાર્ષદ દિગંબર ભગત, બળદેવ સ્વામી (બાપુ) મુનિ સ્વામી, યોગી સ્વામી, નાના સ્વામી, ભરતભાઈ ભાવસાર ખૂબજ સુંદર સેવા દિવસ રાત કરતા હોય છે. હિંડોળાની સેવામાં ઘણા હરિભક્તો યજમાન બની મહા લાભ લીધો હતો. (યોગી સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર**

સુપ્રસિદ્ધ ઐતિહાસિક અને ધાર્મિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સ.ગુ. મહંત સવામી હરિસેવાદાસજીની પ્રેરણાથી અષાઢ સુદ-૧૦ ના રોજ પૂજારી શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજીએ ''શ્રીહરિ વનવિચરણ''નો પ્રસંગ શ્રી ઘનશ્યામ મહારાજને 'નિલકંઠ વર્ણી'ના શણગાર સજાવી અલૌકિક રીતે દર્શન કરાવી હરિભક્તોને લાભ આપ્યો હતો. તેમજ ''ગુરુપૂર્ણિમા''ના રોજ આપણા ધર્મગુરૂ ધર્મધુરંધર પ.પૂ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો અલૌકિક મહિમા મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ વર્ણન કરી પ.પૂ. ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીની પ્રતિમાનું પૂજન અર્ચન ફુલહાર કરી વડનગરના સમસ્ત હરિભક્તો દ્વારા આરતી કરી હરિભક્તોને અલૌકિક લાભ આપ્યો હતો.

(મહંત શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, વડનગર)

**પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૪ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે કર્મ શક્તિપાર્કના બાળકો દ્વારા વૃક્ષારોપણ**

સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૪ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે શ્રી ઘનશ્યામ બાળ મંડળ (કર્મ શક્તિ પાર્ક)ના ૧૪ જેટલા બાળકોએ ૧૪ વૃક્ષના છોડ વાવીને તેની ઉછેરવાની જવાબદારી લીધી હતી. સાંજે ૫-૩૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર, કર્મ શક્તિ ખાતે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી અને નારણઘાટના મહંત નાના પી.પી. સ્વામીની નિશ્રામાં અને ડૉ. સુરેશભાઈ પટેલ ચેરમેન (હેલ્થ કમિટી)ની ઉપસ્થિતિમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૪ મો પ્રાકટ્યોત્સવ કેક કાપીને ધામધૂમથી ઉજવ્યો હતો. આજે અતિ સુંદર કામ બાળકોએ વૃક્ષારોપણ કરીને કર્યું હતું. (યુવક મંડળ કર્મ શક્તિ)

**આપણી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાયલનું ૧૦૦ ટકા પરિણામ**

શ્રી નરનારાયણદેવ દેશના આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય હાલ જેતલપુર અક્ષર મહોલ વાડીમાં કાર્યરત છે. અત્રે અભ્યાસ કરતા સંત-પાર્ષદો અને ભૂદેવો પ્રથમા-૧ (ધો.-૮) થી લઈ આચાર્ય (એમ.એ.) સુધીની પરીક્ષામાં ૧૦૦એ ૧૦૦ ટકા ઉત્તિર્ણ થઈ આપણી પાઠશાળા તેમજ સંપ્રદાયનું ખૂબજ ગૌરવ વધાર્યું છે. પૂજ્ય મોટા મહારાજશ્રીના દ્રઢ સંકલ્પ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી સંચાલિત આ પાઠશાળાનું પરિણામ જાણી પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ખૂબજ રાજી થયા છે અને પાઠશાળાની ઉત્તરોત્તર પ્રગતિ માટે રૂડા આશીર્વાદ પાઠવ્યા છે.

(મહંત સ્વા. કૃષ્ણપ્રકાશદાસજી, જેતલપુર)

**ઈડર મંદિરનો ૧૬૫ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી ઈડર મંદિરનો ૧૬૫ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. જેઠ સુદ-૯ ના પ્રાતઃ ૭ કલાકે પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વિધિવત ધામધૂમથી થયો હતો. યજમાન પરિવાર અમૃતભાઈ હીરાભાઈ તથા શ્રી જયંતીભાઈ હીરાભાઈ (લાલોડાવાળા)એ મહા પૂજામાં બેસીને અલૌકિક લાભ લીધો હતો.

પ.પૂ. મહારાજશ્રી અન્નકૂટ આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. સભામાં મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી, સંત મંડળ, રઘુવીર સ્વામી, સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી આદિ સંતોએ પ.પૂ. મહારાજશ્રીને હારતોરા કરી દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. અ.નિ. ગંગાબેન હીરાભાઈના બન્ને પુત્રોએ પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારી ભેટ પૂજન કર્યું હતું. ત્યારબાદ ગામો ગામના પધારેલા હરિભક્તોએ હારતોરા કરી દર્શનનો લાભ લીધો હતો.

પ્રાસંગિક સભામાં સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી તથા શા. સ્વા. હરિજીવનદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા, સભા સંચાલન શા.સ્વા. વાસુદેવચરણદાસજીએ કર્યું હતું. અન્ય સેવામાં સાધુ સત્યસંકલ્પદાસ, શ્રીજી સ્વામી અને શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસે રહ્યાં હતાં. ગામો ગામના હરિભક્તોએ દર્શન કરી પ્રસાદનો મહા લાભ લીધો હતો. (શા. હરિજીવનદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યાનો ૯૭ મો પાટોત્સવ ઉજવાયો**

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન બાલ સ્વરૂપે જ્યાં અદ્‌ભુત લીલા ચરિત્ર કરીને સંપ્રદાયના આશ્રિતો માટે મહાન તીર્થ ભૂમિ બનાવી તેવી અયોધ્યા નગરી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૯૭ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પ્રાતઃ ૭ કલાકે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક વિધિવત સંપન્ન થયો. પાટોત્સવના યજમાન શ્રીમતી પ્રતિમાબેન નારણભાઈ પટેલ થતા તેમના બંધુ પ.ભ. ધીરૂભાઈ પટેલ (ન્યાયાધીશ ઝારખંડ રાંચી) આદિ પરિવારે મહા લાભ લીધો હતો.

પ્રાસંગિક સભામાં સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, સ.ગુ. મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજી, સ.ગુ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી (પ્રયાગ) સ.ગુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી (ગઢડા) અને મહંત દેવ સ્વામીએ ઈષ્ટદેવ શ્રીહરિ અને ધર્મવંશીનો મહિમા માહાત્મ્ય કહ્યું હતું. સભા સંચાલન પાર્ષદ ભરત ભગતે સંભાળ્યુ હતુ.

અન્ય સેવામાં વિષ્ણુપ્રસાદ સ્વામી, માધવ સ્વામી અને ભૂપત ભગત રહ્યા હતા. અત્રે મંદિરમાં નૂતન ઉતારાનું ભવ્ય નિર્માણ કાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી થઈ રહ્યું છે. (પાર્ષદ ભરત ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહિલા મંડળ દ્વારા અષાઢ સુદ-૧૦ ના રોજ બહેનોની સમૂહ મહાપૂજા યોજવામાં આવી હતી. જેમાં ૭૦ જેટલા બહેનોએ લાભ લીધો હતો.

દેવશયની એકાદશીના ચાતુર્માસના નિયમો બહેનોએ લીધા હતા. મહંત સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. (લાભુબેન)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બામરોલી (એમ.પી.) પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ જેઠ સુદ-૧૧ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી ષોડશોપચાર અભિષેક અન્નકૂટ આરતી આદિ થયા હતા. પાટોત્સવના યજમાન પાટડીના સાંખ્યયોગી શાંતાબા, હંસાબા તથા સાં. રંજનબાએ લાભ લીધો હતો. પાટડીથી બહેનોની આખી બસ આવી હતી અને અન્નકૂટ આદિ મંદિરમાં ઘણી સેવા કરીને સૌનો રાજીપો મેળવ્યો હતો. (નારાયણજી તલાટી કોઠારી પાટડી)

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (બાપુનગર) દ્વારા પ્રેરણાત્મક પ્રવૃતિ દર્દીઓને ફળોનું વિતરણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા સહ આશીર્વાદથી તા. ૧૭-૭-૧૧ ના રોજ બાપુનગરશ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા સરસપુર શારદાબેન મ્યુ. હોસ્પિટલ, નરોડા ચામુડા બ્રીજ પાસેની નવી બનેલી કેન્સર હોસ્પિટલમાં દરેક દર્દીઓ અને બાળકોને ફળોનું વિતરણ સંતોના હસ્તે કરવામાં આવ્યું હતું.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા દરેક મહિનાના ત્રીજા રવિવારે દર્દીઓની આ સેવાનો કાર્યક્રમ ચાલુ રાખવા નિર્ણય લેવામાં આવ્યો હતો. ધન્ય છે યુવક મંડળને આમાંથી આપણે પણ પ્રેરણા લઈએ. જેથી ઈષ્ટદેવ શ્રીહરિ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી ખૂબજ રાજી થશે. (ગોરધનભાઈ સીતાપરા)

**અરોડા મંદિરનો ૫ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી જુના અરોડા મંદિરનો પાંચમો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. સમૂહ મહાપૂજામાં હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો. ઠાકોરજીની અન્નકૂટ આરતી બાદ શા. સ્વામી હરિજીવનદાસજી તથા વાસુદેવચરણ સ્વામીએ કથા વાર્તાનો લાભ આપેલ.

શા. શ્રીજીપ્રકાશદાસજી અને કોઠારી સત્યસંકલ્પદાસે પાટોત્સવ પ્રસંગે સારી સેવા બજાવી હતી. પાટોત્સવના યજમાન પ.ભ. નવનીતભાઈ અંબાલાલ પટેલને મહંત સ્વામીએ આશીર્વાદનો હાર પહેરાવી તેમની સેવાને બિરદાવી હતી. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા અખંડ મહામંત્ર ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી મહિલા મંડળની સત્સંગી બહેનો દ્વારા તા. ૭-૭-૧૧ થી તા. ૯-૭-૧૧ સુધી કુલ ૪૮ કલાક શ્રી સ્વામિનારાયણ મહા મંત્રધૂન શ્રીહરિ પ્રસન્નાર્થે અને મેઘરાજાને મનાવવા માટે કરવામાં આવી હતી. પરિણામ સ્વરૂપ વરસાદ પણ વરસ્યો. ધૂનના આયોજક પ.ભ. કેશા કાકા અને રમણભાઈ શર્મા હતા. અને ધૂન દરમ્યાન નાસ્તાની સેવા ચતુરભાઈ ગજ્જર અને જસીબેન ગજ્જર તરફથી કરવામાં આવી હતી. પૂર્ણાહુતિની આરતી ચંદ્રપ્રકાશ સ્વામીએ ઉતારી હતી. ધૂનમાં ઘણા હરિભક્ત બહેનો જોડાયા હતા. (સ્મિત-ભાવિન)

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાપુનગર દ્વારા લવારપુર ગામે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાપુનગર દ્વારા ગાંધીનગર જીલ્લાના લવારપુર ગામે તા. ૩-૭-૨૦૧૧ ના રાત્રી સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં નારણઘાટ મંદિરથી પધારેલા શા.સ્વા. અભયપ્રકાશદાસજી તથા શા. દિવ્યપ્રકાશદાસજીએ કથાવાર્તા અને કીર્તન ભક્તિનું રસપાન કરાવ્યું હતું. ગામના અને આજુબાજુના ગામોના હરિભક્તોએ લાભ લીધો હતો. લવારપુર ગામ યુવક મંડળ દ્વારા આવા સત્સંગના પ્રચારના કાર્યો સતત થતા રહે તેવી શ્રીજી મહારાજને પ્રાર્થના છે.

(શ્રી.ન.ના.દેવ યુવક મંડળ લવારપુર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપર ૭ મો પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપર ખાતે તા. ૧૧-૫-૨૦૧૧ થી તા. ૧૫-૫-૨૦૧૧ પર્યન્ત ૭ મા પાટોત્સવના ઉપલક્ષમાં અનેકવિધ કાર્યક્રમ ઉજવાયા.

તા. ૧૧-૫-૧૧ થી તા. ૧૫-૫-૧૧ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચદિનાત્મક પારાયણ સ.ગુ. શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી (જેતલપુર અક્ષર મહોલવાડી સંચાલકશ્રી) તથા સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (મહંતશ્રી, નારણપુરા મંદિર)ના વકતા પદે હજારો ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. બહેનોના આગ્રહ ભર્યા આમંત્રણને માન આપી બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પધારી બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. પારાયણ પ્રસંગે ૧૧ સહિતાપાઠ અને સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના મુખ્ય યજમાન પ.ભ. બાબુભાઈ છોટાભાઈ પિત્રોડા પરિવાર અને પાટોત્સવના મુખ્ય યજમાન પદે પ.ભ. ઠાકરસીભાઈ મોહનભાઈ અડાલજા પરિવાર, ધર્મકુળના પૂજનના યજમાન પ.ભ. ધનજીભાઈ હેરમા પરિવાર અને દૈનિક રસોઈના જુદાં જુદાં હરિભક્તોએ અલભ્ય લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. આ પ્રસંગે અત્રે મંદિરના સંત શા. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી ઉત્સવની તૈયારી માટે પ.પૂ.મહારાજશ્રીની આજ્ઞા લઈ એક મહિના માટે અમેરિકાથી આવ્યા હતા. અનેક ધામોના સંતો ઉત્સવમાં પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગાદી પદારૂઢ થયા પછી સૌ પ્રથમ વાર અત્રે પધારતા હોવાથી સમસ્ત ગામ અને મૂળી ઝાલાવાડ દેશના સત્સંગીઓએ ખૂબજ ઉત્સાહથી પ્રેરાઈને ભવ્યાતિ ભવ્ય સામૈયુ કર્યું હતું. ઉનાળાના ધોમ ધખતા તાપમાં પણ શોભાયાત્રામાં પોતાના આશ્રિતજનોને હસ્તા મુખારવિંદે દર્શનનું અવિરત સુખ આપતા હતા. નિજ મંદિરમાં ઠાકોરજીની પાટોત્સવ અને અન્નકૂટની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. જ્યાં યજમાનોએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી પ્રસન્ન થયા હતા. આ પ્રસંગમાં અન્નકૂટ-મહાપ્રસાદ આદિ સેવામાં કોઠારી કાળુ ભગત, મુક્ત સ્વરૂપ સ્વામી, યુવક મંડળ અને મહિલા મંડળે અન્નકૂટની સેવા કરી હતી. મૂળીના વયોવૃદ્ધ પૂ.

નરનારાયણ સ્વામીની પ્રેરણાથી કે.પી. સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, નરોતમ ભગત અને ગોપાળ સ્વામી આદિ સંત હરિભક્તોએ ખડે પગે સેવા બજાવી હતી. (કોઠારી બાબુભાઈ અડાલજા)

**સુરેન્દ્રનગર મંદિરમાં રાત્રિ કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની શુભ પ્રેરણાથી સુરેન્દ્રનગર મંદિરમાં તા. ૮-૬-૧૧ થી તા. ૧૫-૬-૧૧ પર્યન્ત શ્રીમદ્ ભક્તચિંતામણી રાત્રી કથા શા.સ્વા. સત્યસંકલ્પદાસજી તથા શા.સ્વા. સુવ્રતસ્વરૂપદાસજીના વક્તા પદે થઈ હતી. જેના યજમાન પ.ભ. મનસુખભાઈ ઝવેરભાઈ તથા પટેલ ઘનશ્યામભાઈ શંકરભાઈ રહ્યાં હતાં. કથા વાર્તામાં ઘણા હરિભક્તોએ રાત્રે પણ લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. કથા દરમ્યાન અલ્પાહાર પ્રસાદ આપવામાં આવતો હતો. સમગ્ર આયોજન શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચાતુર્માસમાં અષાઢ સુદ-૧૧ થી શ્રાવણ માસ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ શાસ્ત્રની કથા સાધુ વંદનપ્રકાશદાસે કરી હતી. જેમાં આવતા પ્રસંગો ઉજવ્યા હતા. ઘણા હરિભક્તો કથાનો લાભ લેવા પધારતા હતા. મહંત સ્વામી ભક્તવત્સલદાસ માર્ગદર્શક રૂપ હતા. (જયેશભાઈ સોની)

## વિદેશ સત્સંગ સમાચાર

**પ.પૂ. મોટા મહારાજશ્રીની લેસ્ટર (યુ.કે.) પધરામણી**

શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પ.ભ. મુળજીભાઈ કાચા પરિવારના ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા ખૂબજ આગ્રહ ભર્યા આમંત્રણને માન આપી તા. ૧૫-૭-૨૦૧૧ના રોજ લેસ્ટર પધાર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીના લેસ્ટર પધાર્યા છે તેવા સમાચાર જાણી ત્યાંના આપણા કચ્છ-હાલાર અને ગુજરાતના હરિભક્તો દર્શન કરવા ઉમટી પડ્યા હતા. પ.ભ. મૂળજીભાઈ નિમિત્ત બન્યા અને હરિભક્તોને ઘણા સમય બાદ ધર્મવંશીના દર્શન-આશીર્વાદ અને પધરામણીનો અલૌકિક લાભ મળ્યો. પ.ભ. મૂળજીભાઈના પુત્રીના લગ્ન આજે શ્રીજી મહારાજે જેમદાદા ખાચરની જાનમાં સ્વયં પધારીને જે સુખ આપેલું તેવું સુખ ધર્મવંશીના સાંનિધ્યમાં લગ્ન થાય અને જે આશીર્વાદનું સુખ મળે તેવું સુખ કાચા પરિવારને મળ્યું. ખરેખર ખૂબજ ભાગ્યશાળી જીવને આવુ સુખ મળે. ત્યારબાદ આપણા લેસ્ટર મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીનો અભિષેક કરી આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. સભામાં હરિભક્તોએ ગુરુ પૂર્ણિમા નિમિત્તે ગુરુ પૂજન સમૂહમાં કરી આરતી ઉતારી ભેટ ધરી આશીર્વાદ મેળવ્યા. હરિભક્તોએ ગુરુ પૂજન નિમિત્તે જે ભેટ પ.પૂ. મોટા મહારાજશ્રીને કરી તે તમામભેટ તેઓશ્રીએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રી નરનારાયણદેવનાં અભિષેક-પૂજન લેસ્ટરના સમસ્ત હરિભક્તો તરફથી થશે અને તેમાં તેમના ગુજરાતમાં વસતા સગા વહાલા લાભ લઈ શકશે તેવી જાહેરાત કરીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ સૌ લેસ્ટરના હરિભક્તોને ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા. (હજુરી પાર્ષદ કનુ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન લંડન મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે પાટોત્સવ**

અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના શુભ દિને પ.પૂ. મોટા મહારાજશ્રી વિલ્સડન લેન મંદિરમાં કચ્છના હરિભક્તોના પ્રેમભર્યા આમંત્રણથી પાટોત્સવ કરવા પધાર્યા હતા. સવારે બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામમહારાજનો ષોડશોપચાર મહાભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર સંપન્ન થયો. સાથે ભુજ (કચ્છ)ના સંતો જોડાયા હતા.

ત્યારબાદ સાંજે સ્પેશીયલ ગુરુ પૂર્ણિમા પ્રસંગની સભામાં સંતો અને હરિભક્તોએ સાષ્ટાંગ દંડવત પ્રણામકરી આરતી ઉતારી પ.પૂ. મોટા મહારાજશ્રીનું ગુરુ પૂર્ણિમા નિમિત્તે પૂજન અર્ચન કર્યું હતું. લંડન વસતા કચ્છના હરિભક્તોને આજે અતિ સુખ મળ્યુ.

ભુજના સંતોએ ગુરુ પૂર્ણિમાના રોજ આપણા સમસ્ત સત્સંગના ગુરુ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી છે આજે તેમનું જ પૂજન સૌ પ્રથમકરવું જોઈએ તેમકહી પ્રેરણાદાયક પ્રવચન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે ઘણા વરસ પછી અમને આપણા આ મંદિરમાં ઘનશ્યામમહારાજના અભિષેકનો લાભ મળ્યો. અમારા કુળ દેવતા હનુમાનજી મહારાજની જેમવિલ્સડન મંદિર અમારી પડખે રહ્યું છે. સ્વીડન મંદિર નિર્માણથી લઈ મૂર્તિ પ્રતિષ્ઠા સુધી, ન્યુજર્સીના મંદિર નિર્માણ, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનિર્માણમાં ખૂબજ મોટી સેવા કરી છે. એટલે અમે ક્યારેય આપને સૌને ભૂલીશું નહી અને આપ સૌ વિલ્સડન મંદિરના હરિભક્તો આપણા દરેક ઉત્સવમાં સેવામાં અગ્રેસર રહ્યા છો અને રહો છો તેમકહી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આમવિલ્સડન મંદિરમાં હજારો હરિભક્તોએ મોટા મહારાજશ્રીના દર્શન કરી આશીર્વાદ લઈ ખૂબજ ધન્ય ધન્ય બની ગયા.

(પાર્ષદ કનુ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (યુ.કે.)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર તા. ૨૫-૬-૧૧ ને શનિવારે જનમંગલ પાઠ કરવામાં આવ્યા હતા. અત્રે પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી પધારેલા સાધુ વિજયપ્રકાશદાસજી સ્વદેશ પરત જતા હોઈ તેમનું હારતોરા કરી સન્માન કરવામાં આવ્યું હતું. સ્વામી ઘનશ્યામદાસજીએ ૧૦૮ નામરૂપ જનમંગલ નામાવલિનું સમજણ આપી પૂજન કરાવ્યું હતું. યજમાન પદે પ.ભ. તરૂણભાઈ ફરસુરામભાઈ ત્રિવેદી પરિવારે પૂજનમાં બેસી લાભ લીધો હતો.

ત્યારબાદ શ્રી ભક્તિ મહિલા મંડળે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી. સૌ ભક્તોએ દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી વિદાય લીધી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

(કિરણભાઈ ભાવસાર, સહમંત્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સિનેમિન્સન (અમેરિકા)**

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ સિનેમિન્શનમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા તથા મહંત સ્વામીની પ્રેરણાથી અહીંના બાળકો, યુવાનો અને સમસ્ત સત્સંગ દ્વારા ગુરુ પૂર્ણિમા મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો. સભામાં જેતલપુરધામ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા વિહોકન મંદિરના મહંત શા. સ્વામી માધવપ્રિયદાસજી એ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરી ધર્મકુળનું માહાત્મ્ય મહિમા સમજાવ્યો હતો. મહંત શા.સ્વામી અભિષેકપ્રસાદદાસજી એ પણ ગુરુ પૂર્ણિમાનું માહાત્મ્ય સુંદર રીતે કહ્યું હતું. ત્યારબાદ ઠાકોરજીની આરતી કરી મહાપ્રસાદ લઈ હરિભક્તો ધન્ય બન્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે.

(નવિનભાઈ પટેલ)

**કોલોનીયા (અમેરિકા) મંદિર પ.પૂ. ગાદીવાળાશ્રીની પધરામણી**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં રવિવારે વિકેન્ડમાં સાંજે આપણા બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી સાંખ્યયોગી બહેનો સાથે પધાર્યા હતા. સભામાં મહા મંત્ર ધૂન અને બહેનોએ કીર્તન ભક્તિ અને કથાવાર્તા દ્વારા સમજાવ્યું કે આપણા બહેનોના ગુરુ પ.પૂ. ગાદીવાળાશ્રી પાસે પ્રથમ ગુરુમંત્ર અને કંઠી ધારણ કરાવીને પંચવર્તમાન પાળી ખરા સત્સંગી થવાય. આ આપણી મુખ્ય પ્રણાલી પરંપરા છે. એ રીતે સાંખ્યયોગી બહેનોએ ખૂબજ સુંદર ઉપદેશ આપ્યો હતો. છેલ્લે સમસ્ત બહેનોને પ.પૂ. ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ આપી ભગવાનનું ભજન-સ્મરણ અને મંદિરમાં નિત્ય દર્શન કરવા જવું વગેરે સત્સંગના હિતકારી આશીર્વચન આપી ખૂબજ રાજી થયા હતા. પ.પૂ. ગાદીવાળાશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી હતી. (ઉષાબેન શાહ)

**કોલોનીયા મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી**

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં ૨૬ જૂન રવિવારે સાંજના સત્સંગ સભામાં આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સાથે બહેનોની સભામાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પૂ. શ્રીરાજા અને પૂ. બિન્દુરાજા પધાર્યા હતા અને શ્રી સુવ્રતકુમાર, શ્રી સૌમ્યકુમાર, પાર્ષદ કનુ ભગત સાથે પધાર્યા હતા. સૌ પ્રથમ ધૂન કીર્તન આદિ થયા હતા. ત્યારબાદ કલિવલેન્ડથી પધારેલા શાસ્ત્રી વ્રજવલ્લભ સ્વામી અને સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ સત્સંગની સર્વોપરિતા, મહિમા, માહાત્મ્ય, નિયમ, નિશ્ચય અને પક્ષ આદિ પ્રસંગોને વર્ણવી કથાના રૂપમાં વાત કરી હતી. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે આવો અવસર સત્સંગમાં મળ્યો છે તો ભગવાનને રાજી કરી લેવા. યજમાન બહેનોએ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પૂ. બિન્દુરાજા અને પૂ. શ્રી રાજાનું પૂજન-અર્ચન કરી પુષ્પહાર પહેરાવ્યા હતા. અને ભાઈઓએ (યજમાન) પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

(પ્રવિણ શાહ)

**વિહોકન મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ**

આપણા ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧ જુલાઈના આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી, સાથે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રીરાજા પધાર્યા હતા અને પૂ. બિન્દુરાજા અને સાથે શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર પણ પધાર્યા હતા. સૌ પ્રથમ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી હરિભક્તોને દર્શનનો મહા લાભ આપ્યો હતો.

પ્રાસંગિક સભામાં પ્રેસિડેન્ટ પ.ભ. ભક્તિભાઈએ સમસ્ત સત્સંગી વતી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારતોરા કરી સ્વાગત પૂજન કર્યું હતું અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનું સ્વાગત પૂજન લીલાબેન ચોકસી (ન્યુયોર્ક)એ કર્યું હતું.

પૂ. બિન્દુરાજા અને પૂ. શ્રીરાજાનું સ્વાગત પૂજન બહેનોએ કર્યું હતું. આજે પૂ. શ્રીરાજાનો જન્મદિન હોવાથી બાલિકાઓએ ખૂબજ ઉત્સાહ ઉમંગથી પૂ. શ્રીરાજા પાસે કેક કપાવીને જન્મોત્સવને ઉમંગ ભેર ઉજવ્યો હતો.

શા. વ્રજવલ્લ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વચનમાં કહ્યું કે ભગવાને ખૂબ દયા કરીને આવો સત્સંગમાં જન્મ આપ્યો છે તેથી ભગવાનનું ભજન કરીને આ જીવનું રૂડું થાય અને ભગવાન અતિ રાજી થાય તેમ સર્વે કામ કરતા ભગવાનને યાદ રાખવા એમ આશીર્વાદમાં જણાવ્યું હતું.

છેલ્લે પ.ભ. પ્રહલાદભાઈ પટેલે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું અને લીલાબેને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજાને હારતોરા કરી ભેટ પૂજન કર્યું હતું. (પ્રવિણભાઈ)

**ચેરીહિલ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી**

૨૫ જૂન શનિવારે અત્રે ચેરિહીલ આપણા મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પૂ. બિન્દુરાજા, પૂ. શ્રીરાજા, શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર અને સંત-હરિભક્તોની ઉપસ્થિતિમાં ભાઈઓ અને બહેનોની સભા થઈ હતી. સૌ પ્રથમ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી હતી. ત્યારબાદ સભામાં પધાર્યા હતા. યજમાનો અને આગેવાન હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. બહેનોની સભામાં બહેનોએ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પૂ. બિન્દુરાજા અને પૂ. શ્રીરાજાનું સ્વાગત પૂજન કરી ભેટ કરી હતી.

સભામાં શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ કહ્યું કે આજનો દિવસ ધન્ય છે. પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના સૌને દર્શન થાય છે. ધર્મકુળની કૃપાથી આવુ સુંદર મંદિર અને સત્સંગ મળ્યો છે. માટે ધર્મકુળને રાજી કરી લેજો એમ સુંદર વાત કરી હતી. **છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે મંદિરે આવો ત્યારે આડે આવે તે માયા ને દૂર રાખજ્યો. તોજ દર્શનની સાર્થકતા છે. કેમ્પમાં દરેક બાળકોને લાભ લેવા અનુરોધ કર્યો હતો.** કેમ્પ થકી દરેકની આત્મીયતા વધશે તેમ સુંદર આશીર્વાદ આપ્યા હતા. (પ્રવિણભાઈ)

## નવનિર્મિત શિખરબધ્ધ કલોલ મંદિરના મહંત પદે નિયુક્તિ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ઉત્તર ગુજરાતના હાર્દ સમા કલોલ (પંચવટી)માં ભવ્ય ત્રણ શિખરના ગગનચૂંબી નવનિર્મિત મંદિરના મહંત પદે સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશ દાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી(જેતલપુરધામ)નીનિયુક્તિ કરીછે.

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૦૧/- ટાંક આકાંક્ષા જિજ્ઞાબેન મહેશભાઈ મીરા રોડ-મુંબઈ
સ્કુલે બેસાડી તે નિમિત્તે
૧૦૦૧/- ભાટીયા મનીષકુમાર ભીખાભાઈને દિવડા કોલોની (કડાણા)
ત્યાં ચિ. પુત્રી યશસ્વીના શુભ જન્મ પ્રસંગે
૧૦૦૦/- પટેલ વિરેન મહેન્દ્રભાઈ નોકરી નિમિત્તે વાગોસણા (રાણીપ)
૫૫૫/- અ.નિ. નીતાબેન જયેશભાઈ સાપરીયા ના સ્મરણાર્થે
૫૧૧/- પટેલ દિપેનકુમાર દિનેશભાઈ પ્રથમ પગાર નિમિત્તે મેથાણ -સુરત
૫૦૭/- રમણીકભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (જીરાગઢ)
૫૦૧/- પરમાર ખુશાલી જસવંતરાય ધો-૧૦ માં ૯૨ ટકા મુંબઈ
આવ્યા તે નિમિત્તે
૫૦૧/- પટેલ મહેન્દ્રભાઈ ધરમાભાઈ ટ્રેન્ટ-અમદા.
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૫૦૧/- પટેલ વિરલ મનુભાઈ ઓસ્ટ્રે.માં પી.આર. થયા તે નિમિત્તે નાંદોલ
૫૦૧/- ટાંક ઝડીબેન માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (જીરાગઢ)
૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મણીચોર બેંગ્લોર
૫૦૦/- એક હરિભક્ત પુત્રીએ મકાન લીધું તે નિમિત્તે અમદાવાદ
૫૦૦/- પટેલ શૈલેષકુમાર ભક્તિદાસ ઝુલાસણ
હંસાબેનના ઓપરેશન નિમિત્તે
૫૦૦/- પટેલ ભૂમિકાબેન જીજ્ઞેશકુમાર ઝુંડાલ (અમેરિકા)
ચિ. શ્લોકના જન્મ પ્રસંગે
૫૦૦/- પટેલ પિયુષકુમાર રમણલાલ નોકરી મળી તે નિમિત્તે સાંકાપુરા
૫૦૦/- પટેલ ઘનશ્યામ ગોવિંદભાઈ બાલવા
મિકે. એન્જીમાં. ૯૪ ટકાએ પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- પરમાર મુક્તાબેન બચુલાલ ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે નાઈરોબી
૧૦૧/- પરમાર મીનાબેન જગદીશભાઈ નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પટેલ તારાબેન લાલજીભાઈ સહિજ
ચિ. ભાણીને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ વિદ્યાબેન આર. શ્રીજી પ્રસન્નાર્થે કુબડથલ
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
પુણ્ય તિથિ નિમિત્તે હ. અરવિંદભાઈ જોશી
૧૦૧/- પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- કાછીયા નટવરલાલ રમણલાલ જન્મ દિન નિમિત્તે કપડવંજ
૧૦૧/- કથીરીયા વંદિતકુમાર દિલીપભાઈ સુરત રહેવા ગયા તે નિમિત્તે
૧૧૧/- અ.નિ. રણછોડલાલ સુરચંદદાસ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- વેકરીયા મંજુલાબેન વિઠ્ઠલભાઈ ગાંધીનગર
ચિ. નેહાના જન્મ દિન નિમિત્તે
૧૦૧/- પટેલ કાંતિભાઈ કાળીદાસ ચાંદીસણા
નવી મારૂતિવાન લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- ચૌધરી શિરાલીબેન ચંદ્રેશકુમાર જન્મદિન નિમિત્તે આકરૂંદ-બાયડ
૧૦૦/- ચૌધરી કરણ અશ્વિનભાઈ આકરૂંદ-બાયડ
નવું પ્લસર બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- ભટ્ટ રાજેશકુમાર જે.પ્રથમેશ અને યશના યજ્ઞોપવિત પ્રસંગે અમદા.
૧૦૧/- કાછીયા ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/- મોદી રસિકલાલ બાબુલાલ નરોડા
નોકરી સારી રીતે પૂર્ણ કરી તે નિમિત્તે
૧૦૧/- શેઠ વૈભવ રજનીકાન્ત શ્રીજી પ્રસન્નાર્થે બાકોર
૧૦૦/- ચૌહાણ નટવરસિંહ એમ.બાઈક લાવ્યા તે નિમિત્તે ભોળાદ-નરોડા
૧૦૦/- ચૌહાણ જયેન્દ્રસિંહ સગાઈ નિમિત્તે ભોળાદ-નરોડા
૧૦૧/- ભાવસાર માલતીબેન એ. ઘાટલોડીયા
ચિ. હાર્દિક ધો-૧૦માં પાસ થયો તે નિમિત્તે
૨૦૨/- પટેલ ભાવિક ઘનશ્યામભાઈ વાસણા
ચિ. સાક્ષી અને ચિ. યુગના જન્મ દિન નિમિત્તે
૧૦૧/- પટેલ રાજેન્દ્રભાઈ આર. ચિ. હર્ષલ પાસ થયો તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ચૌહાણ ઉમંગ કિશોરભાઈ જામસર
એમ.બી.બી.એસ.ના બીજા વર્ષ નિમિત્તે
૧૦૧/- મહેતા જીવંતિકાબેન એલ. જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ અલ્કેશભાઈ નટુભાઈ ચિ. સુજલ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૦/- ભગત ઉષાબેન હર્ષદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- મોઢ જવલ સુધીરભાઈ જયંતીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- પટેલ વનીતાબેન મનુલાલ ધો-૧૨ કોમર્સ ૭૦ ટકા નિમિત્તે રૂપપુર
૧૦૦/- ભાવસાર ઈશ્વરલાલ અંબાલાલ ચાર ધામ યાત્રા નિમિત્તે મોટપ
૧૦૧/- પરમાર વ્રજ રિકેશભાઈ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૧૧/- અ.નિ. ચંચળબેન રણછોડલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- ડૉ.નિરલ રમેશભાઈ મોદી ડૉ. પ્રતિક્ષાને ત્યાં પુત્રજન્મ પ્રસંગે અમદા.
૧૦૧/- પટેલ દિવ્યાંગકુમાર તથા સુનીલભાઈ રસિકલાલ મારૂસણા
ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- મોદી ગૌતમભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે સાબરમતી
૧૦૧/- ચૌહાણ પરેશ જયંતીલાલ પ્લોટ લીધો તે નિમિત્તે મુંબઈ
૧૦૦/- પિંકેશ તથા સૌચિતા શુભ લગ્ન પ્રસંગે અંબાપુર
૧૦૧/- પટેલ ક્રિશ નિકુંજકુમાર જન્મ દિન નિમિત્તે ઉનાવા
૧૦૦/- પટેલ જીયાબેન જતીનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ચાંદખેડા
૨૦૧/- રાઠોડ અંકિતકુમાર હરિકૃષ્ણભાઈ મુંબઈ
એસ.એસ.સી.માં પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- ચૌહાણ જસુબેન જયંતીલાલ ચિ. ધર્મિષ્ઠાના લગ્ન પ્રસંગે ઓલપાડ
૧૦૧/- ભાવિનભાઈ મનસુખભાઈ નવુ સી.બી.ઝેડ. લીધું તે નિમિત્તે સુરત
૨૦૧/- પટેલ જયદિપભાઈ મહેન્દ્રભાઈ નવી નોકરી નિમિત્તે સીમરીકંપા
૧૦૧/- સોનલબેન તથા શિલ્પાબેનના લગ્ન અને નોકરી નિમિત્તે સિંધાલી
૧૦૧/- વાઘેલા મેહુલસિંહ ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા ધર્મેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- રાઠોડ વાલજી મુળજી ગુરુ પૂર્ણિમા પ્રસંગે જીરાગઢ
૨૦૧/- ચૌહાણ ચંદુભાઈ પરસોતમભાઈ પ્રકાશના લગ્ન પ્રસંગે બારડોલી
૧૦૧/- મનાણી પાર્થ દામજીભાઈ લાલજીભાઈ મુલુન્ડ
ધો-૧૦ માં ૮૪ ટકા આવ્યા તે નિમિત્તે
૧૦૦/- ચાવડા રમેશ નરસિંહભાઈ પ્રિયંકાબેનના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- પટેલ યજ્ઞ શૈલેષભાઈ જન્મદિન નિમિત્તે અંબાપુર
૧૧૦/- આકાશ શિવસિંહ ગુરુ પૂર્ણિમા નિમિત્તે ગરોડીયા
૧૦૧/- નિલેશભાઈ સગાઈ નિમિત્તે નવસારી
૧૦૦/- વાઘેલા કૈલાશબા અરવિંદસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- મોદી રીટાબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/- પટેલ મહેશભાઈ બાબુલાલ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે માણસા

૧૦૧/- એક હરિભક્ત શ્રીહરિ પ્રસન્નાર્થે
૧૦૦/- હિરાબેનની પુણ્ય તિથિ નિમિત્તે સહીજ
૧૦૦/- પટેલ અંબાલાલ રેવડીદાસ મિતલના જન્મદિન નિમિત્તે આનંદપુરા
૧૫૧/- કોઠારી પટેલ બાબુભાઈ પ્રભુદાસ ચાણસ્મા
ચિ. ઘનશ્યામને ત્યાં પુત્ર (ટ્વિન્સ) જન્મ પ્રસંગે
૨૦૦/- કાંતાબેન નારણભાઈ મકાન રિપેરીંગ નિમિત્તે ચાંદખેડા
૧૦૦/- સોની કરણ શાંતિલાલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે આકરૂંદ
૧૦૧/- કા. મુકેશકુમાર ધીરજલાલ પુત્ર જન્મ પ્રસંગે કોઠંબા
૧૦૧/- કા. નિરવકુમાર ધીરજલાલ પુત્ર જન્મ પ્રસંગે કોઠંબા
૨૦૧/- ચાવડા અમરશીભાઈ નરસીભાઈ હર્ષાબેનના લગ્ન પ્રસંગે ધૂળકોટ
૧૦૦/- જાદવ ભરતભાઈ ખેંગારભાઈ નવું બૂલેટ લીધું તે નિમિત્તે માલણપુર
૧૦૦/- ભાવસાર કૌશલેન્દ્ર પી. નવો ફલેટ લીધો તે નિમિત્તે બોપલ
૧૦૧/- કા. ચંચળબેન શાંતિલાલ પાંચમી પુણ્ય તિથિ નિમિત્તે બાલાસિનોર
૧૦૧/- પટેલ નાથીબેન શંભુદાસ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે સાંકાપુરા
૨૦૦/- સાપરીયા સંજય ડોકટર થયા તે નિમિત્તે (ધૂળકોટ) સુરત
૧૦૧/- સાપરીયા છગન રવજી ગુરુ પૂર્ણિમા પ્રસંગે વલસાડ
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલ ચિ. જીગરના લગ્ન પ્રસંગે વહેલાલ
૧૦૧/- ડાભી પ્રવિણજી રજુજી ચિ. પ્રિયંકાબેનના લગ્ન પ્રસંગે ડાંગરવા
૧૦૧/-કા.પ્રતિકકુમારપિયુષભાઈડોલીબેનનાજન્મદિનનિમિત્તે બાલાસિનોર
૧૦૧/- પોરીયા ભાવેશભાઈ દેવરાજભાઈ ઝાડેશ્વર-ભરૂચ
ચિ. સાક્ષીના વર્તમાન નિમિત્તે
૧૦૧/- પંચાલ સંદિપ અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદલોડીયા
૨૦૧/- વિરેનકુમાર કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૨૦૧/- પટેલ હરજીવનદાસ રામાભાઈ નવીન પાઈપ લાઈન નિમિત્તેરતનપુર
૧૦૧/- પટેલ હર્ષિલકુમાર ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પરમાર મહાદેવભાઈ રણછોડભાઈ લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- પટેલ અંકિતાબેન વિક્રમભાઈ ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તેગવાડા
૧૦૧/- ચૌહાણ કૌશલ ભાણજીભાઈ ચાંદલોડીયા
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ કૈલાશબેન ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા
૧૦૧/- રાઓલ જયવિરસિંહ બહાદુરસિંહ નરોડા
ધો-૧૦ માં ૮૭ ટકા નિમિત્તે
૧૦૧/- રાઓલ ઉમાબા બહાદુરસિંહ નરોડા
પી.ટી.સી. માં પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- ચાવડા લખમણભાઈ પચાણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રામપરા
૧૦૦/- ચૌહાણ મનસુખભાઈ ગુરુ પૂર્ણિમા પ્રસંગે રાજકોટ
૧૦૦/- ઝાલા ઘનશ્યામસિંહ વાઘુભા ગુરુ પૂર્ણિમા પ્રસંગે અડવાળ
૧૦૦/- ઝાલા બળવંતસિંહ માનભા ગુરુ પૂર્ણિમા પ્રસંગે અડવાળ
૧૦૧/- ખેર હિમંતસિંહ રામસંગભાઈ મનીષાબા ધો-૧૨ માં
બાવળા કેન્દ્રમાં ૫ માં નંબરે આવ્યા તે નિમિત્તે બળોલ (ભાલ)
૧૦૧/- પ્રજાપતી બટુકભાઈ માવજીભાઈ ગુરુ પૂર્ણિમા પ્રસંગે બાવળા
૧૦૧/- ગ્યાનસિંહ પંપ કર્યો તે નિમિત્તે ખોડા
૧૦૦/- રાપરીયા હિતેશભાઈ અમરશી એડમીશન નિમિત્તે મુંબઈ
૧૦૧/- દેવાણી જયમીનભાઈ નનુભાઈ ધો-૧૦ માં પાસ નિમિત્તે નિકોલ
૧૦૦/- પટેલ વસંતીબેન લાલજીભાઈ અમદાવાદ
ચિ. જયમીન તથા બિરવાની સગાઈ નિમિત્તે
૧૦૧/- પટેલ દુર્ગાબેન ગણપતભાઈ શ્રીહરિ પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિહ પિતાશ્રી સ્મરણાર્થે ગરોડીયા
૧૦૦/- પટેલ વિનોદભાઈ ડાહ્યાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે રાણીપ
૧૦૦/- પટેલ અનુજ વિનોદભાઈ. ધો-૧માં ૯૮ ટકા નિમિત્તે રાણીપ
૧૧૧/- કા. સચિન દિલીપકુમાર ગુરુ પૂર્ણિમા નિમિત્તે ખારોલ
૧૦૦/- પટેલ સંદિપ પ્રેમચંદ અમરનાથ યાત્રા નિમિત્તે ઉવારસદ
૧૦૦/- પટેલ જયંતીભાઈ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉવારસદ
૧૦૦/- પટેલ જગદીશ પરસોતમદાસ ચિ. દેવર્ષના જન્મ પ્રસંગે સોજાવાળા
૧૦૦/- સોલંકી ગાંડાભાઈ ગોબરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ કે. વડુ
ચિ. પારૂલ બી.એડ.માં ૮૭ અને વિજય બી.એ.માં પાસ નિમિત્તે
૧૦૦/- મારવી ચમનલાલ કુમરજી શ્રીજી પ્રસન્નાર્થે સુરત
૧૦૧/- પટેલ ભવ્ય જગદીશભાઈ સ્કુલમાં એડમીશન નિમિત્તે લસુન્દ્રા
૧૦૦/- પટેલ રાજેશકુમાર બાબુભાઈ ઈન્ડિકા લાવ્યા તે નિમિત્તે મોખાસણ
૧૦૦/- પટેલ વિશાલકુમાર હસમુખભાઈ પુત્રીના જન્મ પ્રસંગે દહેગામ
૧૦૧/- પટેલ શિવાંગી ચેતનભાઈ ધો-૧૦માં પાસ થયા તે નિમિત્તે કુહા
૧૦૧/- પટેલ ધ્રુવ શૈલેષભાઈ ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે કુહા
૧૦૧/- ટાંક નિમેષ બિપીન ગુરુ પૂર્ણિમા નિમિત્તે નાલા સોપારા
૧૦૧/- ટાંક અંકિત બિપીન ગુરુ પૂર્ણિમા નિમિત્તે નાલા સોપારા
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- પટેલ પરસોતમભાઈ વલ્લભભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- કાછીયા સ્મૃતિબેન પ્રજ્ઞેશકુમાર જન્મ નિમિત્તે બાલાસિનોર
૧૦૧/- મોદી તારાબેન સોમાલાલ શ્રીજી પ્રસન્નાર્થે સૈજપુર
૧૦૧/- વાઘેલા કંચનબેન અશોકસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- મીસ્ત્રી મુકેશભાઈ જગજીવનદાસ ગુરુ પૂર્ણિમા નિમિત્તે માણેકપુર
૧૦૦/- પટેલ હેમાભાઈ ભલાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અસલાલી
૧૦૧/- પટેલ અરવિંદકુમાર માધવલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઈટાદરા
૧૦૧/- પટેલ ચંપાબેન કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ
૧૦૧/- પટેલ હર્ષ અનીલભાઈ પી.ટી.સી. બીજા વર્ષ ૮૬ ટકા નિમિત્તેરડોદરા
૧૦૧/- પટેલ રીચાબેન કિરીટકુમાર પી.ટી.સી.માં ૮૧ ટકા નિમિત્તે સાયરા
૧૦૧/- ઉપાધ્યાય જૈમિનકુમાર પ્રદિપભાઈનોકરી મળી નિમિત્તે સંતરામપુર
૨૦૦/- પટેલ આત્મારામભાઈ મગનલાલ અમદાવાદ
નવી ગાડી લાવ્યા નિમિત્તે
૧૦૧/- મહેતા અનીલકુમાર અમથાલાલ નિવૃત થયા તે નિમિત્તે અમદાવાદ
૨૫૧/- પટેલ મિતલબેન શ્રીમંત નિમિત્તે લંડન
૨૦૦/- દરબાર ધ ફેમીલી ચેરિટેબલ ટ્રસ્ટ ડાંગરવા
દરબારશ્રીના બર્થડે સેલીબ્રેડ નિમિત્તે
૧૦૦/- અ.નિ. જીગર ગોવિંદભાઈ પટેલ પુણ્ય તિથિ નિમિત્તે કોઠંબા
૧૦૧/- ઠક્કર જગદીશભાઈ આત્મારામ ચિ. નિમેષના લગ્ન પ્રસંગે કઠલાલ
૧૦૧/- ઠક્કર દિનેશભાઈ આત્મારામ શ્રીજી પ્રસન્નાર્થે કઠલાલ
૧૦૧/- ઠક્કર પરસોતમભાઈ આત્મારામ શ્રીજી પ્રસન્નાર્થે કઠલાલ
૨૦૧/- વેકરીયા વિપુલભાઈ કનુભાઈ અમદાવાદ
ગાંધીનગર કામ મળ્યું તે નિમિત્તે
૧૦૧/- પટેલ કનુભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે અરોડા
૧૦૦/- અ.નિ. બ્રહ્મભટ્ટ હંસાબેન ધીરૂભાઈના સ્મરણાર્થે અમદાવાદ
૧૫૦/- ભાવસાર ધનલક્ષ્મી વિનોદભાઈ નવું સ્કુટર લીધુ તે નિમિત્તે કલોલ
૨૦૦/- ચાવડા ધર્મેશભાઈ અજમલભાઈ ધો-૧૨ માં પાસ નિમિત્તે સુરત
૧૦૦/- ગોવિંદભાઈ, ચિરાગ, સવિતાબેન તથા પ્રતાપપુરા
બિનલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ચૈત્ર વદ-૧૩ | મહેતા જીવંતિકાબેન રશ્મિકાન્ત (મોહનથાળ) | અમદાવાદ |
| જેઠ સુદ-૧ | અ.નિ. નાગજીભાઈ રાજીવભાઈ ટાંક (હ. રમેશભાઈ) (ચુરમાના લાડુ) | અંબરનાથ |
| જેઠ સુદ-૩ | અ.નિ. રૂખીબેન પ્રહલાદભાઈ પટેલ (હ. ભરતભાઈ) (મોહનથાળ, મૈસુબ) | રાજપુરવાળા |
| જેઠ સુદ-૩ | શંકરભાઈ માલી (મોહનથાળ) | ભારણી (રાજ.) |
| જેઠ સુદ-૪ | અ.નિ. ભંડારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીની સ્મૃતિ નિમિત્તે (હ. કૃષ્ણ સ્વરૂપ સ્વામી) (બુંદીના લાડુ, સાટા) | ગઢડા |
| જેઠ સુદ-૪ | પટેલ ભાઈલાલભાઈ અંબાલાલ (સાટા) | મોટેરા |
| જેઠ સુદ-૬ | મોરી ગીરીશભાઈ જગાભાઈ (શિખંડ પુરી) | કાલીયાણા |
| જેઠ સુદ-૭ | મુક્તાબેન બટુકભાઈ દુધાત (ચુરમાના લાડુ) | વાંસવાળી |
| જેઠ સુદ-૮ | પટેલ સોમાભાઈ કાનદાસ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| જેઠ સુદ-૧૦ | પટેલ નાથાભાઈ ચતુરભાઈ (મોતૈયા લાડુ) | લસુંદ્રા |
| જેઠ સુદ-૧૦ | નિલય વ્યોમેશ શાહ (બાસુંદી-પુરી) | અમદાવાદ |
| જેઠ સુદ-૧૨/૧૩ | અ.નિ. શામજી હીરા (મગશના લાડુ) | સુખપર-કચ્છ |
| જેઠ સુદ-૧૨/૧૩ | સોની કેતનભાઈ અમરતલાલ (શિખંડપુરી) | અમદાવાદ |
| જેઠ વદ-૧ | અજયભાઈ ભુપતભાઈ લાઠીયા (શિખંડપુરી) | અમદાવાદ |
| જેઠ વદ-૨ | અ.નિ. મેઘબાઈ માવજી શિયાણી (ચુરમાના લાડુ) | મીરઝાપર-કચ્છ |
| જેઠ વદ-૩ | રમેશભાઈ રણછોડભાઈ પટેલ (હ. શા. અખિલેશ્વરદાસજી) (સાટા, થાળ) | કેનેડા |
| જેઠ વદ-૪ | શામજીલાલ છગનલાલ પટેલ (સાટા, જલેબી) | ગોધરા |
| જેઠ વદ-૪ | ધીરુભાઈ સવજીભાઈ વેકરીયા (મોહનથાળ) | બાપુનગર |
| જેઠ વદ-૪ | અ.નિ. રામજીભાઈ કલ્યાણભાઈ ડુંગરાણી (મોહનથાળ) | ખોપાળા |
| જેઠ વદ-૪ | વિશ્રામ કરશન રાબડીયા (હ. કલ્યાણભાઈ, હરિચરણ સ્વામી) (ચુરમાના લાડુ) | રામપરવેકરા-કચ્છ |
| જેઠ વદ-૫ | અ.નિ. ડૉ. ભરતભાઈ સોની (મોહનથાળ) | અમદાવાદ |
| જેઠ વદ-૭ | લલીતાબેન જયચંદભાઈ સોની (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| જેઠ વદ-૭ | ઠક્કર રમણલાલ દેવરાજભાઈ (ચુરમાના લાડુ) | સાણંદ |
| જેઠ વદ-૭ | રામજી દેવજી ભંડેરી (ચુરમાના લાડુ) | સુખપર-ભુજ |
| જેઠ વદ-૮ | શ્રીહરિના મુખ્ય નંદસંતો (હ. માનબાઈ દેવજી કાનજી) (ચુરમાના લાડુ) | નારણપર-કચ્છ |
| જેઠ વદ-૮ | સોની ચિરાગ પંકજકુમાર (દૂધપાક પુરી) | અમદાવાદ |
| જેઠ વદ-૮ | પટેલ વિપુલભાઈ રાવજીભાઈ (બુંદીના લાડુ) (કુબડથલ) | અમદાવાદ |
| જેઠ વદ-૧૦ | જેસાણી દિપાબેન કાનજીભાઈ (શિખંડ પુરી) | બળદીયા-કચ્છ |
| જેઠ વદ-૧૦ | પટેલ સંજય રસિકભાઈ (મગશ) | બોપલ |
| જેઠ વદ-૧૨ | પટેલ કાન્તિભાઈ શંકરભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| જેઠ વદ-૧૨ | પટેલ રણછોડભાઈ ઝવેરદાસ (ચુરમાના લાડુ) | લાંઘણજવાળા |

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**દેલવાડા (તા. વિજાપુર) :** હાલ અમદાવાદ પ.ભ. મણીભાઈ ખાંડવાળા (શ્રી સ્વા. માસિકના પ્રતિનિધિ) તથા શ્રી ઈશ્વરભાઈ અને શ્રી તુલસીભાઈના પૂ. પિતાશ્રી પ.ભ. જીવરામભાઈ મોહનદાસ પટેલ (ઉં.વર્ષ ૧૦૭) શ્રીજીમહારાજનું અખંડ સ્મરણ કરતા કરતા તા. ૧૦-૬-૧૧ ના રોજ કલોલ મુકામે અક્ષર નિવાસી થયા છે.

**જેપુર (તા. વિજાપુર) :** પ.ભ. જમનાબેન કાશીરામ પટેલ તા. ૨૫-૬-૧૧ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**અરોડા (ઈડર) :** પ.ભ. કનુભાઈ અને પ.ભ. જીતેન્દ્રકુમાર પટેલ (શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્ય)ના માતુશ્રી પ.ભ. રૂખીબેન મોતીભાઈ પટેલ તા. ૧૨-૬-૧૧ નિર્જળા એકાદશીના દિને શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**ગાંધીનગર :** પ.ભ. યોગેશભાઈ કાંતિલાલ ઠક્કરના માતુશ્રી પ.ભ. કુંદનબેન કાંતિલાલ ઠક્કર તા. ૨૦-૬-૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. ધીરૂભાઈ ભીખાભાઈ બ્રહ્મભટ્ટ (શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના નિષ્ઠાવાન હરિભક્ત અને સરસપુર નાગરિક કો.ઓ. બેંકના નિવૃત ચેરમેન)ના ધર્મપત્ની અ.સૌ. હંસાબેન ધીરૂભાઈ બ્રહ્મભટ્ટ જેઠ સુદ-૧૦ તા. ૨૬-૬-૧૧ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. મોહનલાલ નાનજીભાઈ પટેલ તા. ૨૨-૬-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**અંબાપુર (જી. ગાંધીનગર) :** પ.ભ. નાથાલાલ બકોરભાઈ તા. ૨૫-૭-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**જોધાવાસ (વાલી રાજસ્થાન) :** પ.ભ. ચૌધરી નરસીરામ ઉકાજીના માતુશ્રી હસતુબેન ઉકાજી ચૈત્ર સુદ-૧૫ તા. ૧૮-૪-૨૦૧૧ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**બાલવા :** આપણા અમદાવાદ મંદિરના માજી કમિટી સભ્ય અને શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. મહારાજશ્રીના કૃપાપાત્ર પ.ભ. અમૃતભાઈ લવજીભાઈ ચૌધરી તા. ૨૮-૭-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**લેસ્ટર (યુ.કે.) :** આપણા લેસ્ટર મંદિરના માજી પૂજારી અને શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. મહારાજશ્રીના કૃપાપાત્ર પ.ભ. આનંદભાઈ ગોકળદાસ તા. ૨૬-૭-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.














(૧)સિડની મંદિરમાં દર્શન આપતા ઠાકોરજી(૨) કોઠંબા(પંચમહાલ)મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન (૩) અયોધ્યા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે પૂજન કરતા યજમાન પ્રતિમાબેન પટેલ અને તેમના ભાઈ પ.ભ. ધીરૂભાઈ પટેલ (ન્યાયાધિશ) (૪) કાંકરિયા મંદિરમાં ચંદનના વાઘામાં ઠાકોરજીના દર્શન (૫) કર્મશક્તિ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે વૃક્ષારોપણ કરતા પૂ. મહંત સ્વામી (૬) મોવાસા (પંચમહાલ) મંદિરની ખાત વિધિ કરતા જેતલપુરનું સંત મંડળ અને સાથે નવા હરિભક્તો (૭) કોઠંબામાં કથા કરતા શા.ભક્તિનંદન દાસ (જેતલપુર) (૮) એપ્રોચ (બાપુનગર) ના હરિભક્તો હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ વિતરણ કરતા (૯) છપૈયા ધામમાં જન્મસ્થાનનું ચાલતું નિર્માણ કાર્ય.

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011





















(૧) હ્યુસ્ટન મંદિરમાં નિલકંઠવર્ણી સ્વરૂપે દર્શન (૨) સિનેમિન્સન મંદિરમાં ગુરૂપૂર્ણિમા પ્રસંગે સભા (૩) ફ્લોરિડા મંદિરમાં પૂ. શ્રી રાજાના જન્મદિન પ્રસંગે સભામાં કેક કાપીને પૂ.લાલજી મહારાજશ્રીને કેકનો પ્રસાદ ખવરાવતા પૂ. શ્રી રાજા (૪) વિલ્સડન લંડન મંદિરમાં બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી (૫) લંડનમાં કિંગ્સ કિચનવાળા શ્રી મનુભાઈને ત્યાં પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી (૬) લેસ્ટરમાં કાચા ટેલર્સ પરિવારને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધારેલા પ.પૂ. મોટા મહારાજશ્રી

Praful Kharsani